# અથ શ્રી આદિનાથ કી કથા (નાટિકા)

શુભાશિષ - પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.
પૂજ્યપાદ ગુરૂદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

## ખાસ વાંચશો

૧. 'ડ્રામા મોટો છે.' જોઈને જ ડરી ગયા ને! આ ડ્રામા ભજવતાં લગભગ ૨।। થી ૩ કલાક થાય છે. પરંતુ આદિ થી અંત સુધી ઈંટ્રસ્ટ જળવાઈ રહે છે.
૨. ફક્ત ૧૩ મો ભવ - ૧ કલાક થાય છે.
૩. આ ડ્રામા નો પ્લસ પૉઇંટ મોસ્ટ એ છે કે - ડ્રામાની પ્રેક્ટીસ માટે ભેગા થવું જરૂરી નથી.
૪. એક એક ભવના પાત્રો - નીકટ (રહેતા હોય) ના રાખવા, જેથી, એમને મળતાં સમયે - ખુદ પ્રેક્ટીસ કરી શકે.
૫. એક ભવ ના પાત્રો સાથે બીજા ભવના પાત્રો ને સંબંધ નથી.
૬. હાલ જ - મુંબઈમાં - ૩ કલાક નો ડ્રામા રસપૂર્ણ રહ્યો. ખૂબજ વન્સમોર થતાં ૧ મહિનામાં ફરીવાર થયો.

ભાગ્યશાલીઓ!

આમ તો... પ્રત્યેક જીવો ની જીવન-યાત્રા માં, નિગોદ ના પ્રારંભ થી, મુક્તિપૂરી માં રમણ કરે, ત્યાં સુધી, અનંતા ભવોનું ભ્રમણ થઈ જ ચૂક્યું હોય છે, પરંતુ... સમ્યક્ત્વ ની પ્રાપ્તિ પછી, તીર્થંકર પ્રભુ ના ભવ ની ગણતરી થતી હોય છે, માટે જ... આપણે, પ્રભુ મહાવીર ના ૨૭ ભવો કહીએ છીએ, એમજ... આ નાટિકા માં, આપણે નિહાળીશું...

## પ્રભુ આદિનાથ ના ૧૩ ભવો ને...

પુણ્યશાળીઓ! આપણા દેવાધિદેવ, તીર્થંકર પરમાત્માની, એટલે કે... અરિહંત ના આતમાની, સર્વ જીવો કરતાં, નેચરલી જ વિશિષ્ટતા વિશેષ જ હોય છે, એની ક્વૉલીટી જ કંઈ અલગ સર્વ જીવો ના, સુખ ને ઇચ્છતાં, એના ભાવોની ભાભાત, જગત ના જીવોથી, નોંખી ને અનોખી..

તો'ય જનમો-જનમ ના, ચાલી આવતા, સ્નેહ-સંસ્કાર અને....



કર્મ ના બંધનમાં, રાગ અને વિરાગ વચ્ચે, ઝોલા ખાતી નાવડી, વીતરાગ પદ ની પ્રાપ્તિ સુધી, કેવા કેવા ભાવો, ભજવી જાય છે, જીવ ના જીવતરમાં...

કરૂણા-નિધાન પરમાત્મા, અને... કૃપા-નિધાન ગુરૂદેવો ના અસીમ આશિષે, શ્રી સંભવનાથ બાલાપૂર જૈન સંઘ આકોલા દ્વારા આયોજિત, વિ.સં. ૨૦૬૩ ના, સમુહ-વરસીતપ, તેમજ... શ્રી સંઘ ની, અતિ ઉલ્લાસપૂર્ણ, સ્વ-હસ્તે થયેલ ભાવપૂર્ણ ભક્તિ ના પુણ્ય સંયોગે, વિદર્ભ માં, પ્રથમ વાર જ, આટલી વિસાલ સંખ્યામાં, રંગે-ઉમંગે, પરિપૂર્ણ થતાં, અતિ હર્ષભર્યા હૈયે, ચાલી રહેલ ભવ્યાતિભવ્ય તપ-ઉત્સવ માં... નિહાળીશું... પોતાા નવ-નવા ભવોમાં, ને... અલબેલા પાત્રો માં... પ્રભુ આદિનાથ ની ઇંટ્રેસ્ટીંગ કહાની ને... અને, અંતિમ ભવ માં, પૌત્ર બની ને, ઇક્ષુરસ થી, ૪૦૦-૪૦૦ ઉપવાસ નું પ્રથમ પારણું કરાવનાર, શ્રેયાંસ-કુમાર ની, નવ-નવ ભવ ની પ્રીત ને સ્નેહ-સંબંધ ને!! બોલો - પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાન કી...જય!

## પ્રારંભ-ગીત

અથ શ્રી આદિનાથ કી કૃપા...(૨)
થા હૈ જિનરાજ કી... પ્રથમ ભગવાન કી..
મરૂદેવા કે લાલ કી... વીતરાગ કી... ઔર ત્યાગ કી (૨)
વિશ્વ આલોકિત હુઆ..(૨) કલ્યાણકો સે સર્વદા...(૨) હાં..હાં..હાં..

## પ્રારંભ (કોમેન્ટ્રી)

ભાગ્યશાલીઓ.....! પ્રભુ આદિનાથ પોતાના પ્રથમ ભવમાં, અનેક ગુણોના ભંડાર, ધનશેઠ હતા, આપણે તો - સગા ભાઈનું પણ, ભલું નથી ઇચ્છી શકતા, પરંતુ... પરમાત્માના આત્માની કેવી ઉચ્ચતા!! જંગલ ની પેલે પાર રહેલા, વસંતપૂર નગરમાં પોતાને ધન કમાવા, જવાની ઇચ્છા થતાં, વિચારે છે, હું એકલો જ શા માટે જાઉં? જેમની પણ ઇચ્છા હશે, સૌને સાથે લઈને, જાઉં, અને એટલે જ ''અરે... અરે... આ અવાજ શેનો સંભળાય છે? સાંભળો તો... (થાળી ડંકા નો અવાજ...

ઢંઢેરો પીટનાર આવી રહ્યો છે...) ચાલો... નિહાળીશું આપણા પરમોપકારિ પ્રથમ તીર્થંકર આદિ-પ્રભુ ને, પ્રથમ-ભવ માં ધન-શેઠ ના પાત્ર માં, બોલીએ, આદિશ્વર ભગવાન કી....જય...

ઢંઢેરો - સાંભળો... સાં....ભ....ળો... સાંભળો...(૩) નગરવાસીઓ! એક ખૂશખબર છે. સાંભળો...(૩) આનંદ ના આ સમાચાર છે. વેપાર ની આ વાત છે, ધન કમાવાની સુવર્ણ તક છે. પ્યારા ભાઈઓ! ધન ના કુબેર, આપણા આ ધન-સાર્થવાહ વેપાર કાજે વસંતપૂર જઈ રહ્યા છે. મારા વ્હાલા ભાઈઓ! શું તમને પણ... ધન ભેગું કરવાની ચાહ છે? તો... ચાલો, અટવી ના રાહ માં, ધન-સાર્થવાહ તમારી સાથ છે. ભાઈઓ! ન રહેશે, તમોને ત્યાં, પશુઓનો ડર... કે ભોજન ની ફીકર, સગા ભાઈ ની જેમ લેશે, એ તમારી સંભાળ. ભાગ્યશાળીઓ! ખુલી રહ્યા છે, તમારાં નશીબ ના દ્વાર ત્યારે.... ન ગુમાવશો, તકદીર થી મળેલી, આ સુવર્ણ-તક ને! સાંભળો...(૩) નગરવાસીઓ... આનંદની આ વાત છે. ખુશી ના આ સમાચાર છે... સાંભળો.. (૩)

કે : ને આ સંદેશ સાંભળી... પૈસાની આશ કરતાં, ઘણા માનવો સાથે સાર્થ, અટવી માં પ્રયાણ કરી રહ્યો છે. ત્યારથી ધન શેઠ, ''ધન સાર્થવાહ'' તરીકે પ્રસિધ્ધ થયા.

દ્રશ્ય અટવી માં પ્રયાણ કરતાં લોકો.... મસ્તી થી... નિર્ભય બની, ચાલી રહ્યા છે. ને... નારા પોકારી રહ્યા છે.

૧) ધન સાર્થવાહ નો જય હો (૨) ધન-કુબેર નો જય હો (૩) લક્ષ્મીપતિ નો જય હો (૪) સાર્થપતિ નો જય-જયકાર હો (૫) આજ કે આનંદ કી જય... જય વિ... સાથે, ખૂશી ના ગીતો પણ, ગાઈ રહ્યા છે.

ગીત ચાલો રે ચાલો... હે... ચાલો રે ચાલો,
આપણે વસંતપૂર જવાના -



વસંતપૂર જવાના અમે... વેપાર કરવાના
(૨)...ચાલો...
વેપાર કરીશું... પૈસા કમાઈશું...
પૈસા કમાવી... મોટા કામો કરીશું
પૈસા કમાવી... મોટા શેઠ બનીશું
પૈસા કમાવી, આનંદ આનંદ માણીશું..ચાલો રે ચાલો -

(પબ્લિક તરફ જોઈને.... હે... ચાલો... ચાલો...(૨)

કે પરંતુ... આ તો સંસાર છે. અહીં માનવી, ધારે છે શું, અને... થાય છે શું? અરે.. ન ધારેલું બનતુ રહે, એનું જ નામ સંસાર! અતિ વરસાદ ને કારણે.... સાર્થ ને, રસ્તામાં, અધ-વચ્ચે જ રોકાઈ જવું પડ્યું. ત્યાં... જ્યાં ધન સાર્થવાહ બેઠા છે, ત્યાં... મિત્ર મણિભદ્રનું આગમન થાય છે.

ધન - મિત્ર મણિભદ્ર! આજે, તું કંઈ બહુ ઉદાસ લાગે છે ને... શું કોઈ ફીકર ની વાત છે? કે કોઈ તકલીફ છે?

મણિભદ્ર - હા દોસ્ત, નગર છોડ્યે, આપણ ને, ઘણો સમય વીતી ગયો છે. આહાર-પાણી તૂટી રહ્યા છે. લોકો... ફળ-ફૂલ ને કંદ ખાઈ રહ્યા છે. વળી... આપણી મંઝીલ પણ, હજી તો, કેટલી દૂર છે. મિત્ર! આગળ શું થશે? ને.... કેમ જવાશે વસંતપૂર?!

ધન - હેં.... શુ કહ્યું? આહાર-પાણી ખૂટી રહ્યા છે, ને... લોકો તો, કંદમૂળ ખાઈ રહ્યા છે, પરંતુ... પરંતુ મિત્ર! આપણી સાથે આવેલ, ગુરૂદેવો શું ખાતા હશે?

મણિ - ચાલ મિત્ર... ગુરૂ મહારાજ પાસે જઈએ, અને... એમને જ પૂછી લઈએ ને!

ધન - હા દોસ્ત... ચાલ. હમણાં જ જઈએ.

કે - (ધન સાર્થવાહ, ગુરૂ મહારાજ પાસે જતાં જતાં, રસ્તામાં...

પોતે કરેલા ઉપકાર ને ભૂલી જઈ, પોતાની ફરિયાદ કરતાં લોકો ને સાંભળે છે.)

મગન - મિત્ર છગન, કેવા ગપ્પીદાસ છે, પેલા ધન-શેઠ, વાતો તો, કેટલી મોટી મોટી, કરતા હતા, ને... આજે તો આપણ ને, ખાવાના પણ ફાંફા છે.

જગન - હાં ને, મિત્રો... રોજ રોજ, દરરોજ, આ ફળ-ફૂલ ને, કંદ, ખાઈ-ખાઈને, હું તો, સાવ જ કંટાળી ગયો છું.

છગન - હા જગન-મગન, આ દુનિયા જેવા દો-રંગી, ધન-સાર્થવાહ સાથે તો... રામ-જાણે, હજી તો, ક્યારે પહોંચશું વસંતપૂર?... ને ક્યારે કમાઈશું પૈસા? પણ અત્યારે તો કેવી પરેશાની થે ને... કેવી હેરાની છે. આપણે તો આ સાર્થ માં જોડાઈને ફસાઈ ગયા.

મગન - આપણને કેવી કુમતિ સૂઝી કે, આવા... આપણા માટે સાવ નચિંત એવા ધન-શેઠ સાથે, પૈસા કમાવવા તો દૂર રહ્યા, આમ તો ગાંઠ ના ગુમાવવાનો વારો આવશે. ને રામ જાણે શું થશે?

(માથે હાથ દઈને, નિરાશ બેસી જાય છે. એ જોઈને... ધન મિત્ર પણ નિરાશ થઈ જાય છે. જ્યારે... ગુરૂ મહારાજ પાસે જતાં જ, ખૂશીથી... ગુરૂ મ. નું પાત્ર ન બનાવાય, ફોટો મૂકવો)

ધન - મિત્ર મણિભદ્ર! જો તો ખરો.. કેવી અહીં શાંતિ છે. ને... સૌના મુખ પણ કેટલા પ્રસન્ન છે!! (અંદર ફરતાં ફરતાં...)

મણિ - હાં. કેટલું સરસ લાગે છે અહીંનું વાતાવરણ!! બધા જ, પોત-પોતાની સાધનામાં કેટલા મસ્ત છે! જો તો ખરો... કોઈ કરી રહ્યું છે સ્વાધ્યાય... તો, કોઈ ગણી રહ્યું છે માળા, તો.. કોઈ કરી રહ્યા છે કાઉસ્સગ ને ધ્યાન, દોસ્ત! છે કંઈ, એમને ફીકર.. કે, કે કંઈ ચિંતા...



ધન - (ગુરૂ મ. ની તસ્વીર પાસે જઈ...)

ઓહ, ગુરૂ-મહારાજ! કેમ છો? ગુરૂ મહારાજ! મઝામાં છો?

કે. (ગુરૂ મહારાજ નું પાત્ર-સંવાદ કોમેન્ટ્રી-વાળા એ જ બોલવું) હા ભાઈ ધર્મલાભ! દેવ-ગુરૂ પસાયે શાતામાં છીએ.

ધન - ગુરૂ મહારાજ! એક વાત પૂછું? આપને, ખોટું તો ન લાગશે ને? ગુરૂમહારાજ! સાચુ કહું? કરોડો સોનામહોર, મારી પાસે હોવા છતાં, પણ... મારા જીવનમાં, નથી સુખ કે, નથી શાંતિ! અને... અને, એક આપ છો, કે... આપ પાસે નથી તો સોનું કે નથી કોઈ નાણું, તો'ય, ગુરૂ-મહારાજ! આપની પાસે, એવુ કયુ જાદુ છે? કે... આપ સર્વ ના મુખ પર, આટલી બધી પ્રસન્નતા દેખાય છે?

માણિભદ્ર- હા ગુરૂ-મહારાજ... આપને જોતાં તો, અમને એવુ લાગે છે, કે... જો આનંદ સંત-ફકીર કરે, વો આનંદ કહાં અમીર કરે?! (શાયરી - સ્ટાઈલમાં બોલવું) ગુરૂદેવ! શું છે આપની ખૂશીનું રહસ્ય?... કૃપા કરી બતાવશો?

ગુરૂદેવ - ભાઈ! અમારી પાસે, નથી તો કોઈ જાદુ, કે... નથી કોઈ ચમત્કાર, પરંતુ... આ બધો ઉપકાર તો છે, દેવ-ગુરૂ ધર્મ ની કૃપાનો, ને... મહિમા અપાર છે, સંયમ ની સાધના નો! જેને લાગે દુન્યવી અમૂલ્ય વસ્તુઓ પણ સસ્તી, જેનાં માટે જગતનાં સુખો છે માત્ર એક પસ્તી, જેનું લક્ષ્ય છે, આંતરિક તંદુરસ્તી, એ જ માણી શકે છે, જીવન ની મસ્તી.

કે - "ગુરૂદેવ! ધન્ય છે આપ જેવા ત્યાગી ગુરૂવરો ને"... (માથુ જુકાવી દે છે) અને... ધન હાથ જોડીને, કહે છે)

ધન - ગુરૂદેવ! સાચુ કહું... આજે હું આપની પાસે, ખાસ, માફી માંગવા જ આવ્યો છું. ગુરૂદેવ! ધિક્કાર છે મારા આતમા ને, જે... આપને આદર-પૂર્વક, આમંત્રણ તો, આપ્યું,

પરંતુ... હું આપની કંઈ જ કાળજી ન લઈ શક્યો. ગુરૂદેવ! વરસાદ ના કારણે, અન્ન ના ભંડાર ખૂટી ગયા છે. તો. લોકો તો... ફળ-ફૂલ ને, કંદ ખાઈ રહ્યા છે. પરંતુ... ગુરૂદેવ... ગુરૂદેવ... (ગળગળા અવાજે), આપના આહાર-પાણી નો, તો મને, ખ્યાલ જ ન રહ્યો.

ગુરૂ-મહારાજ! એટલું જ નહીં, પરંતુ... આ પ્રમાદી એ, આપ જેવા મહાત્મા, સાથે હોવા છતાં'ય... ન તો મેં આપના દર્શન કર્યા, કે... ન તો, આપની અમૂલ્ય વાણીનો, લાભ લીધો. ગુરૂદેવ... મને માફ કરો (૨) ગુરૂદેવ! આ ધન ને માફ કરો. (૨) (પગ માં પડી જાય છે - ગુરૂદેવ ના...)

કે - ઓહ... અરિહંતના આતમા આદિનાથ ની આ કેવી નમ્રતા!! નહીં તો... ''મારી ભૂલ થઈ'' એમ બોલવું શું ઈઝી છે?... હવે ગુણના ભંડાર ગુરૂદેવ ના ગુણોની - ગરિમા નિહાળીએ. શું કહી રહ્યા છે, ધન ને....

ગુરુદેવ - નહીં નહીં ધન, ઉભો થા ભાઈ! તેં તો આ ભયંકર જંગલમાં, જંગલી પશુઓ..., અને ચોરો થી રક્ષણ કરવાનું મોટું કામ કર્યુ છે. વળી ધન.. સાર્થ ના માણસો અમારા આહાર નો પણ, ખ્યાલ કરતાં જ હતા. ભાઈ... તૂ ખેદ ન કર (૨)

ધન - હે ગુણાનુરાગી મહાત્મા! ખરેખર, આ સંસાર માં, જો... એક આપ જેવા સંત, અને... બીજા, વૃક્ષ, ન હોત તો...તો, આ પાપ-તાપ- અને સંતાપ નો, અંત ન હોત.

ગુરૂદેવ (૨) કૃપા કરી, આપ મારી વિનંતિ સ્વીકારો.. ગુરૂદેવ! આપ, મારી સાથે, અન્ન-પાણી લેવા આવો.

કે - ગુરૂદેવની આજ્ઞાથી, બે મુનિભગવંતો - વ્હોરવા જાય છે. ધન આજુબાજુ વ્હોરાવવા માટે, વસ્તુઓને શોધી રહ્યો છે... હાથ માં જામફળ નો થાળ લાવી ગુરૂદેવ ને કહે છે...

ધન - ગુરૂદેવ! આ જામફળ લ્યો (૨), ખૂબ સારા છે ગુરૂદેવ!



કે - ના... ભાઈ, આ જામફળ અમને ન ખપે.

ધન - તો.. ગુરૂદેવ, આ દાડિમ લ્યો, એ ખૂબ મીઠાં છે, ગુરૂદેવ! આ તો આપને, લેવા જ પડશે.

કે - નહીં નહીં ભાઈ! આ દાડીમ પણ અમને ન ખપે.

ધન - ગુરૂ મહારાજ! તો... આપના માટે શું બનાવું? આપ શું લેશો?

કે - ના ભાઈ, એવું અમને ન ખપે, અમને તો નિર્દોષ આહાર જ ખપે.

મણિ - (ખૂશ થઈને) મિત્ર! મન માંગ્યું મળવા છતાં'ય, વારંવાર અપ-સેટ થતાં, ને... રોજ નીત-નવી વાનગીઓના આરોગનારા દેનારા, આપણે ક્યાં? અને... તમને શું ભાવશે? પૂછવા છતાં'ય, કંઈ જ ન કહેનારા, આ ગુરૂભગવંત ક્યાં? ધન્ય છે એમના જીવતર ને!

ધન - હા મિત્ર! આપણું અહોભાગ્ય છે કે, આપણા સાર્થ ને, આવું અજોડ જીવન જીવનારા, ને... જગત ના સર્વ જીવો નું હિત વિચારતાં, ગુરૂદેવો નો સાથ મળ્યો છે. (ફરીથી ધન, આજુ-બાજુ વસ્તુઓ શોધે છે.)

ઓહ પ્રભુ... પણ, હવે શું આપું? ગુરૂદેવ ને?... ગુરૂદેવ તો, બધી જ ચીજોની ના...ના, કહે છે!! (ડબ્બો હાથમાં લઈ) ગુરૂદેવ! આ ઘી લ્યો (૨) હવે તો ના ન કહેશો, એકદમ તાજુ જ ઘી છે, ગુરૂદેવ, આ ઘી લ્યો (૨)

કે - લ્યો..., અરે બસ, બસ - ભાઈ... બસ, વધુ ખપ નથી.. બસ... બસ... ગુરૂદેવ તો - બસ... બસ, કરતા રહ્યા, પણ... અખંડ ભાવ, અને અખંડ ધારે, ઘી વ્હોરાવતાં વ્હોરાવતાં, આપણા પ્રથમ તીર્થંકર પ્યારા આદિનાથ ને? આ સુકૃત અને શુભ-ભાવ ના કારણે, ધન-સાર્થવાહ ના

ભવ માં, અપાર સંસાર સાગર ને સીમિત કરતું, નિશ્ચિત મુક્તિ અપાવતું, અણમૂલ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અને ત્યાર પછી... ધન-સાર્થવાહ, ધર્મ-ભાવ થી ભર્યુ ભર્યુ જીવન પૂર્ણ કરી, બીજા-ભવ માં, ઉત્તર કુરૂક્ષેત્ર માં... યુગલિક પુરૂષ રૂપે જન્મ લે છે. ચાલો... નિહાળીશું, હવે... ભવોભવના નાટક નો અંત કરતાં, આદિ-પ્રભુની નાટિકામાં... યુગલિક ક્ષેત્ર ના, નિર્દોષ ને, નિખાલસ, આનંદિ યુગલિકો ને... આવે છે, યુગલિક ના રૂપ માં... અમીત-અમીતા ના પાત્ર માં, કુ...

અમીત - અમીતા ! જો ને... સ્વર્ગ ને પણ શરમાવે તેવું, કેવું સરસ, કુદરતી સૌંદર્ય સોહી રહ્યું છે ! આ... ખળખળ વહેતું ઝરણું, આ મસ્ત વહેતી હવા, ને એમાં અતિ સુંદર લાગતા, આ કલ્પવૃક્ષો ની, તો... વાત જ શી કરવી ?! જ્યારે માંગીએ, જે પણ માંગીએ, ને... જેટલું પણ માંગીએ, ત્યારે ને ત્યારે જ, તુરત જ, એ કેવું ઝટ ને પટ દઈ દે છે ! નહીં, અમીતા !

અમીતા - હાં ને અમીત... નથી તો અહીં કોઈને નોકરીની ચિંતા, કે ન કોઈને ચિંતા છોકરી ની..., તો.. નથી કોઈને કાંઈ રોગ, કે નથી કોઈને કોઈ શોક....

## ભવ - ૨ યુગલિક

(ધીમે ધીમે ફરતાં....ફરતાં...)

અમીત - હાં અમીતા ! તો વળી આપણે ત્યાં, નથી ક્યાંય ઝઘડા (ઝગડા) કે, નથી કોઈને, કોઈની ઈર્ષ્યા... કેવું સરસ જીવન છે આપણું.

અમીતા - હે ભગવાન ! પૂર્વ-ભવ માં કરેલી, તારી પૂજા નું જ આ ફળ છે ને !

દ્રશ્ય - (બગાસું ખાતાં ખાતાં સહજતાથી બંને મૃત્યુ પામે છે)



ભવ-૩

કે - અને... આમ, અતિ સુખ-પૂર્વક ૩ પલ્યોપમ, એટલે કે, અસંખ્ય વર્ષો નું આયુષ્ય મંત્રી પૂર્ણ કરી, કોઈ પણ જાત ની પીડા વિના, યુગલિકોની નિશ્ચિત ગતિ, દેવલોક તરફ પ્રયાણ કરી, પ્રભુ ઋષભ નો આતમા, પોતાના ૩ જા ભવ માં... સૌધર્મ દેવલોક માં દેવ બને છે.

મ્યુઝીક શરૂ....

જૂઓ જૂઓ.. પૂર્વ ભવ માં કરેલ, પુણ્યના ફળ ને અનુભવતાં, પ્રભૂ આદિનાથ ને, સ્વર્ગ ના સૌંદર્ય માં, દેવ ના રૂપ માં રંગ-રાગ માં... નૃત્ય ના તાન માં...

કથ્થક વિગેરે... કોઈપણ... માત્ર મ્યુઝીક પર પણ નૃત્ય લઈ શકાય.

## ૪ થો ભવ

દેવલોક ના, આવા રંગ-રાગ ને, છોડવાની, જરા'ય ઈચ્છા ન હોવા છતાં, એક દિન આવ્યો, જ્યારે.... પરમાતમાનો આતમા, સ્વર્ગની-ધરા થી, આ અવની પર સફર કરવા આવી ગયો, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર ના, ગંધિલાવતી નગરી ના મહારાજા શતબળ ના, એક ના એક અતિ લાડીલા રાજકુમાર ના રૂપ માં. મહાબળ એમનું નામ છે. (સભા ને પ્રશ્ન - બતાવશો ? પ્રભુ આદિનાથ નો આ કેટલામાં ભવ છે ? A ૪ થો ભવ.

પિતાના, પ્રવ્રજ્યા પંથે પ્રયાણ પછી, સત્તા-સંપત્તિ અને સૌંદર્ય ના નશામાં ચકચૂર આપણા આ આદિનાથના આતમા ને, નથી તો, રાજ્યની ફિકર, કે... નથી આતમા ની ચિંતા ! સૌને... આસ્તિકતા નો રાહ બતાવનાર ની, આ કેવી નાસ્તિકતા, કે... અધર્મી મિત્રોની મહેફીલમાં મશગુલ, મન-મોજી મહાબળ કુમાર, સ્વયંબુધ્ધ મંત્રી વારંવાર ની, રંગ-રાગ ના ત્યાગની, ને... પરલોક ના ખ્યાલ ની,...અણગમતી વાતો, સાંભળતાં, રોફ થી કહી રહ્યા છે...શું ?

ચાલો... સાંભળીએ, રાજવી મહાબળ ની જ તેજાબી વાણી માં.. (રૂવાબ થી)

મહાબળ - મંત્રીશ્વર! આ તમે શું માંડ્યું છે? જ્યારે ને ત્યારે, બસ... ધરમ ધરમ ને, કરમ ભરમ લઈને બેઠા છો! આ ઉગતી યુવાનીમાં, મારે આ રાજ... આ તાજ.... આ મૌજ ને... આ મહેફીલ માણવાનો સમય નથી શું?

મંત્રી - મહારાજ! હું... (વચ્ચે જ અટકાવી, મ્હોં બગાડી...)

મહાબળ - મંત્રીશ્વર! બંધ કરો, તમારા આ બકવાસ ને! નથી સાંભળવી મારે તમારી આ નકામી વાતો ને..., ને...., મંત્રીશ્વર! (થોડું ચાલતાં... ચાલતાં...) નથી સાંભળવા મારે, તમારા આ ધરમ ના ધતિંગ ને, ને... નથી, બનવું હમણાંથી મારે, એ ધરમ ના પૂછડાં... આ ભવ મીઠાં, તો... પરભવ વળી, કોણે દીઠાં? મંત્રીશ્વર! એ, અણદીઠા ભાવિ ખાતર, મળેલા આ રંગ-રાગના ત્યાગની, તમારી આ બોગસ વાતોમાં મને, બીલ્કુલ રસ નથી.

મંત્રી - નહીં નહીં રાજન! આમ તમે, સાવ જ, ઉડાવી ન દ્યો, મારી, આ...આતમા, ને, પરમાત્મા ની વાતો ને, રાજન્! ધર્મ વિનાની જીંદગી, તો..., પાણી વિનાના તળાવ જેવી, સાવ, નક્કામી છે, વળી...વળી...., આ યૌવન? રાજન્! યૌવન શું છે? વીજળીને તણખો! ઝબકે, તો... અજવાળું, નહીં તો... ભડકો! મારા વ્હાલા મહારાજા! આવતી કાલ નો, અહીં કોઈ જ ભરોસો નથી. (૨)

મહાબળ - (રૂવાબથી જ) મંત્રીજી! શું... એટલે તમે, એમ કહેવા માંગો છો... કે, અત્યાર થી જ, હું માળા જપવા બેસી જાઉં? ને.... અત્યાર થી જ, હું જંગલ નો જોગી બની જાઉં?, નહીં... નહીં... મારાથી એવું કદાપિ ન થશે... કદાપિ ન થશે, મંત્રીશ્વર...!

મંત્રી - (નિરાશ થઈને) રાજન્! એક સાચી વાત, તમે સાંભળશો?

મહાબળ - (મ્હોં બગાડીને...) કહો....



મંત્રી - રાજન્! આજે જ, હું આપણા નગર ના, ઉદ્યાનમાં પધારેલ. ચારણ-મુનિ ના, દર્શન કરવા ગયો હતો. ત્યારે....ત્યારે... (અચકાતાં...(૨)

મહાબળ - શું? ત્યારે...શું? (થોડો ઇંટ્રસ લઈને)

મંત્રી - રાજન્! ત્યારે આપના ભવિષ્ય ને, જણાવતાં..., એ જ્ઞાની ગુરૂભગવંતે, કહ્યું કે...

મહાબળ - (વધારે રસ થી.. સિંહાસન પર બેસતાં (૨) નરમાશ થી)

શું? મારૂં ભવિષ્ય?....જ્ઞાની ગુરૂ-ભગવંતે કહ્યું છે?... શું કહ્યું છે? મંત્રીજી! આપ પહેલા મને એ બતાવો... મં...ત્રીજી, જલ્દી કહો.. વાર ન કરો, મં..ત્રી...જી!

મંત્રી - રાજન્! તેજ ના પુંજ સમા, એ જ્ઞાની-ગુરૂભગવંતે, મને...આજે, એક અતિ દુઃખની વાત...

મહાબળ - (વચ્ચે જ) એક તો, દુઃખ ની વાત... અને, તે'ય મારા ભવિષ્ય ની વાત? મંત્રીશ્વર! તમારી, આવી, ગોળ...ગોળ વાતો, મને નથી સમઝાતી.

મંત્રી - રાજન્! એ જ્ઞાની-ગુરૂભગવંતે, કહ્યું કે... (અચકાતાં (૨) આપનું આયુષ્ય...(૨)

મહાબળ - મંત્રીશ્વર! મારૂં આયુષ્ય? શું છે? કેટલું છે? (ઉતાવળ થી)

મંત્રી - રાજન્! આપનું આયુષ્ય (૨) માત્ર... માત્ર... હવે, એક મહિનાનું જ છે. એટલે કે....માત્ર... ૩૦ દિવસ નું જ છે.

મહાબળ - (એકદમ નરમ થઈને) મંત્રીશ્વર! શું ખરેખર, મારૂં આયુષ્ય, હવે... એક મહિનાનું જ છે? શું... એક જ મહિના પછી, મારે આ રાજ... આ વૈભવ... આ મિત્રો... આ મહેફીલ... શું આ બધું જ છોડીને, મારે જવું પડશે? પરલોક ના પંથે? નહીં... નહીં...

મંત્રી - રાજન્! જ્ઞાની ગુરૂ-ભગવંતના વચનો...

મહાબળ - પણ (૨)... મંત્રીશ્વર! નથી તો હજી, મેં કંઈ પુણ્ય કર્યુ છે, કે... નથી કંઈ પરભવ નું ભાથું બાંધ્યું... હવે... હવે શું થશે મારૂં? ... ક્યાં જઈશ હું?

મંત્રી - રાજન્!

મહાબળ - (એકદમ ગળગળા થઈને) મંત્રીશ્વર.... માત્ર, એક જ માસ માં હું શું કરીશ, પરભવ નું પાથેય?, કહો... કહો... મંત્રીશ્વર, આ પાપી ને પ્રમાદી આતમા ને એક, તમારી જ તો આશ છે.... વિશ્વાસ છે. કહો મંત્રીશ્વર! હું બધું જ કરવા તૈયાર છું (૨) બાકી... મંત્રીશ્વર...

સ્તુતિ
કર્યા ઘણાં મેં પાપ જીવનમાં, એક એક થી ભારે,
અશ્રૂ ટપકી પડે આંખ થી, યાદ કરૂં જ્યારે...
થાશે શું મુજ? જઈશ હું ક્યાં? ભવસાગર છે ભારે
પશ્ચાતાપે, બળી રહ્યું છે, આ અંતર અત્યારે...(૨)
મંત્રીશ્વર!

મંત્રી - મહારાજ! સદ્ગતિ નો સાથ, ત્રિલોકી-નાથ જ છે. અને... એનો માર્ગ છે, નિષ્પાપ અને નિઃસ્વાર્થ એવા, સંયમ જીવન નો સ્વીકાર. રાજન્! એ સુંદર સંયમ ની સાધના જ, તમને... સદ્ગતિ ના દાન-પ્રદાન કરશે, ને..., સિધ્ધગતિમાં પ્રયાણ કરાવશે.

મહાબળ - મંત્રીશ્વર! જલ્દી થી, પુત્ર ના રાજ્યાભિષેક ની, અને... મારી દીક્ષાની તૈયારી કરાવો.

મંત્રી - (માથું નમાવી) જી મહારાજ... જેવી આજ્ઞા (બંને જાય છે..)

મ્યુઝીકમાં ગીત... તારી એક એક પણ જાય, લાખ ની, તું તો... માળા રે જપીલે પ્રભુ નામ ની (૨)



કે - મિત્ર, તો સાથી જ નહિ, સારથી, પણ હોવો જોઈએ, પરંતુ...

(શાયરિ)
આજ કલ કે દોસ્ત, કાગજ કે ફૂલ હૈ;
દેખને મેં ખુશ્બેમા.... પર સુંઘનેમેં ધૂલ હૈ.

મહેફીલ ના, રંગ માં ભંગ પડે, એ...એમને શું ગમે? અને... એટલે જ, આવતી કાલ ના, સંયમ ની સુહાની સફર ના, સ્વપન નીરખતાં, મહાબળ કુમાર ને, જાણે સ્વપનમાં જ કહી રહ્યા છે.

મિત્ર! રહેવા દે, ક્યાં તારૂં સુકુમાળ શરીર, અને... ક્યાં સંયમ ના કષ્ટો... કાલ ની વળી, ફિકર શું? ચાલ - દોસ્ત, હાલ તો... મહેફીલની મોજ માં... ખૂશીના હોજ માં, ડૂબી જઈએ. પરંતુ....ના, જેનો આતમા જાગી ગયો છે, એ મહાબળ કુમાર પણ, શું કહી રહ્યા છે, વળતા જવાબ માં? સાંભળીએ... સંવાદ ને.. ગીત-સંગીત ના સાથ માં...

(તર્જ - તેરે પ્યાર કા આસરા...)

સંવાદ

મિત્ર -
બતાવો... મને કોઈ શાને, સંયમ ગ્રહે છે?
આ સઘળો શાને, ત્યાગ કરે છે?

મહાબળ -
અનંતા દુઃખો...(૨) આતમા જ્યાં જૂએ છે,
મુક્ત થવાને, સંયમ ગ્રહે છે. અનંતા દુઃખો....

મિત્ર -
લક્ષ્મી સુખોની, છોળો ઉછાળે,
નિશ-દિન ફૂલડાં, ફોરમ પ્રસારે....
દુઃખ શું નિહાળ્યા? આ સંસારે...(૨)
આ સાહ્યબી (૨), ક્યાં ફરી સાંપડે છે?
આ સઘળો, શાને ત્યાગ કરે છે?.... બતાવો મને...

મહાબળ - લક્ષ્મી તણી, તો... પ્રીત ઠગારી

આજ પધારી, ને... કાલ સીધાવી,
ફૂલડાં ની ફોરમ (૨) બે ઘડી પ્યારી
અંતે બધું..(૨) નાશ થઈ રહ્યું છે. મુક્ત થવાને સંયમ ગ્રહે છે

મિત્ર - રાજ્ય-વૈભવ કેવા સુખો મણાવે,
સ્વજનો ની મમતા, ઝૂલે ઝૂલાવે...
દિલડાં ની વાતો, મિત્રો સુણાવે (૨)
રંગ-રાગની,(૨) છોળો ઉછળે છે, આ સઘળો
શાને..ત્યાગ કરે છે ?

મહાબળ - સ્વાર્થ લગી સહુ, સ્વજન કહાવે,
મોજ કરાવે, ને.. કર્મ બંધાવે
અવગતિ જાતાં... કોણ બચાવે ?
રાગ - વધુ..(૨) તેમ, દુઃખ વધે છે.. મુક્ત થવાને...

મિત્ર - સંયમ માર્ગે, કાંટા ભરાશે,
કોમળ કાયા થી, કેમ સહેવાશે ?
કષ્ટો નિહાળી.. મનડું મુંઝાશે (૨)
મન ની પીડા..(૨) દેહ ને સુકવે છે. આ સઘળો...

મહાબળ - જેમ જેમ કાયા, દુબળી થવાની,
આતમ ની શ્રેણિ ઊંચી જવાની,
ઉત્તમ પદ ની પ્રાપ્તિ થવાની (૨)
કર્મ ની જંજીર..(૨) જલ્દી તૂટે છે...મુક્ત થવાને સંયમ ગ્રહે છે. (અન્યથી)

કે - કહેવાય છે ને... અડગ દિલ ના માનવી ને, હિમાલય પણ નડતો નથી. મહાબળ રાજા બીજે દિવસે, પુત્ર નો રાજ્યાભિષેક, અને.. આઠ દિવસ નો, સુંદર ઉત્સવ કરી, દિક્ષા દિનથી જ, કર્મો ખપાવવાના, શોર્ટ-કટ, તપ, રૂપ, અનશન સ્વીકારી, મહાબળ-મુનિ, ૨૨ મા દિવસે કાળ



કરી, પોતાનો ચોથો-ભવ પૂર્ણ કરી, પ્રભુ ઋષભ-દેવ નો આતમા, ઈશાન નામના, બીજા-દેવલોકમાં લલીતાંગ નામે દેવ બને છે... દેવી સ્વયંપ્રભા સાથે, દિવ્ય સુખો માં, અતિ સુખમય, સમય સરકી રહ્યો છે. પરંતુ... સુખ ના સપના રોજ બતાવે, ને... દુઃખ ના અનુભવ રોજ કરાવે, એવા, આ અસાર સંસારમાં, દેવલોક ના દિવ્ય સુખો, ગમે - તેટલા રંગીન હશે, પણ... સંગીન તો નથી જ. અને, એટલે જ... એક દિન, લલીતાંગ-દેવ, પોતાની અતિ પ્યારી દેવાંગના, સ્વયંપ્રભા નું આયુષ્ય પૂર્ણ થતાં, ગમગીન બની જાય છે, સ્વયંપ્રભા ના અતિ રાગે, પાગલ બનેલ, પરમાત્માના આતમા ની પણ આ કેવી દશા... સાચે જ પ્રીત કીયે દુઃખ હોય...

નિહાળીશું... પ્રભુ આદિનાથ ના પાંચમાં ભવમાં, લલીતાંગ ની વિરહ વ્યથા ને...

વીતરાગ ના રાગ ને... રમસય પ્રભુ આદિનાથની અનોખી કહાનીને !

## ૫ મો ભવ

મ્યુઝીક....(કરૂણ)

લલીતાંગ : (ચારે બાજુ નિહાળતાં (૨) સ્વયંપ્રભા... સ્વયંપ્રભા.. દેવી ! ક્યાં છો તમે ? દેવી... દેવી, શું તું મારા પ્યાર ની પરીક્ષા લઈ રહી છે ? પ્રિયા... પ્રિયા... ક્યાં છુપાઈ એ તો કહે... તૂ જલ્દી આવ (૨)... સ્વયંપ્રભા... સ્વયંપ્રભા....

લાવ અવધિજ્ઞાન થી જોઉં તો ખરો, ક્યાં છે મારી સ્વયંપ્રભા ?

(સિંહાસન પર બેસી, કપાળે આંગળી મૂકી - જોતાં - જોઈને, અતિ-પાગલ દશામાં)

નહીં... નહીં... નહીં... શું સાચે જ સ્વયંપ્રભા ચ્યવી ગઈ છે? શું મૃત્યુ પામી છે?, શું... હવે ક્યારે'ય નહીં આવે દેવલોકમાં? શું આ લલીતાંગને સ્વયંપ્રભા, તૂં ક્યારે'ય નહીં મળશે?

સ્વયંપ્રભા! શૂં તને નહોતી ખબર, કે.., તારા વિના આ લલીતાંગ નહીં જીવી શકશે. સ્વયંપ્રભા! શૂં તૂં ભૂલી ગઈ? તારા વિના આ સ્વર્ગના સુખો... આ રંગ-રાગ ના...ના.., દેવી! તારા વિના મને ક્યાં'ય ન ગમશે (૨)

પ્રિયા! શું અરમાઁન.. શું સ્વપન સજાવ્યા હતા... સાથે જીવવાનાં કોલ આપ્યા હતા, પરંતુ અને આજે આમ અણધારી વિદાય લઈ ક્યાં ચાલ્યા ગયા? મને મૂકીને ક્યાં ગયા? દેવી ક્યાં ગયા?..

## ગીત

દિલ કે અરમાઁ આંશુઓ મેં બહ રહે (૨)
સ્વયંપ્રભા... તુજ વિણ આ સ્વર્ગ શ્મશાન જો...દિલ કે..
નંદનવન....ના, ગમતી વાવડી મુજ ને...(૨)
કેમ રિસાણી... કહી દે ને, મન-મીત તૂં...
સ્વયંપ્રભા.. સ્વયંપ્રભા...સ્વયંપ્રભા...

કે - (ત્યાં જ ઉભેલ.. દ્રઢધર્મ મિત્રદેવ, એટલે કે.. પૂર્વ-ભવ ના, સ્વયંબુધ્ધ મંત્રી, જેમણે મહાબળ મુનિ ના કાળધર્મ પછી, વૈરાગી બની, સુંદર સંયમ પાળીને દેવ બન્યા છે. પૂર્વ-ભવ ના સંબંધ ને કારણે... લલીતાંગ ને, આશ્વાસન આપતાં કહે છે.

દ્રઢધર્મ દેવ- અરે.. મિત્ર લલિતાંગ! આ શું?... આ તારૂં કેવું પાગલપન? દોસ્ત! શાંત થા



લલીતાંગ - દ્રઢ... મારી સ્વયંપ્રભા? ક્યાં હશે? મિત્ર...એના વિના...

દ્રઢ - થોભ! તારી સ્વયંપ્રભા ક્યાં છે? હું તને હમણાં જ કહું છું, દોસ્ત! હમણાં જ કહું છું, તારી સ્વયંપ્રભા નો, નવો જન્મ ક્યાં થયો છે?

લલીતાંગ- હા મિત્ર... જલ્દી કહે (૨) ક્યાં છે મારી પ્રિયતમા? ક્યાં છે, મારી પ્રિયા? શું એ પણ, મને યાદ કરી રહી છે? (દ્રઢ - અવધિનો ઉપયોગ મૂકે છે. લમણે આંગળી મુકીને લલીતાંગ અધીરાઈથી સ્ટેજ પર આંટા મારે છે.)

દ્રઢ - મિત્ર...

લલિતાંગ- હા દોસ્ત... ક્યાં છે... ક્યાં છે મારી પ્રિયા? શું એ મને યાદ કરી રહી છે?

દ્રઢ - નહીં દોસ્ત.... આ તો બધી મળ્યાની પ્રીત છે. પછી... કોણ, કોને... યાદ કરે છે? પ્યારા દોસ્ત! આજ તો આ દુનિયાની રીત છે, દોસ્ત! ખેદ ની વાત છે કે...

લલીતાંગ- દ્રઢ! બંધ કર તારૂં આ લેક્ચર... નથી સાંભળવું મારે... તૂં... પહેલા મને એ તો કહે, કે... ક્યાં છે, મારી, રૂપ-રૂપ ની અંબાર અપ્સરા - સ્વયંપ્રભા? મારી પ્રિયા... મારો પ્રાણ...

દ્રઢ - મિત્ર...સાંભળ. પૂર્વ-ભવ ના, સર્વ પુણ્યને, દેવલોક ના, રંગ-રાગ માં, પૂર્ણ કરીને..

લલીતાંગ- ક્યાં છે દોસ્ત!... (અધીરાઈથી વચ્ચે જ).. મારી સ્વયં... મારી...દેવી...

દ્રઢ - લલીતાંગ... તારી સ્વયંપ્રભાએ, હવે... એક નાગિલ નામના, અત્યંત ગરીબ માણસ ના ઘેર, છ દિકરી ઉપર, સાતમી દિકરી તરીકે, જન્મ લીધો છે. મિત્ર! કોઈને ન ગમતી, આ અણગમતી દિકરીનું, કોઈ નામ પાડવા પણ તૈયાર

નથી. એટલે જ તો... સહુ, એને...નિર્નામિકા ના નામથી જ બોલાવી રહ્યા છે. મિત્ર... છે ને..., કેવી અજબ-ગજબ ગતિ છે આ કર્મ ની...

લલીતાંગ- (આ સાંભળતાં જ કાને હાથ મૂકી દે છે)

ગરીબનું ઘર... સાતમી દિકરી...સૌને અકારી લાગતી નિર્નામિકા... શું...શું... આ જ છે, મારી સ્વયંપ્રભાના હાલ... નહીં... નહીં દોસ્ત! શૂં તું આ સાચું જ કહી રહ્યો છે?

દ્રઢ - હા દોસ્ત.

લલીતાંગ- મિત્ર...(નિરાશ ચહેરે) પણ, રત્ન ના વિમાન માં, દૈવી સુખો માં મ્હાલતી, સદા સદા, ખુશ-મીજાજ રહેતી... હસતી-રમતી, એ મારી સ્વયંપ્રભા ક્યાં? ને...ને...હવે, એક ગરીબની નાનકડી ઝૂંપડીમાં...!! નહીં...નહીં..., પણ, મને...મારી સ્વયંપ્રભા વિના ન જ ચાલશે... ન જ ચાલશે... પ્રિયા... પ્રિયા.. (કહેતાં (૨), નિરાશ વદને સિંહાસન પર) બેસી જાય છે.

કે - ખરેખર... કરમ ના ખેલ... સમઝવા મુશ્કેલ... જે આતમા, આવતી કાલે, દેશના ના દાન દઈ, સારી દુનિયા ને... આતમા ના વિનાશકારિ, રાગ ના રાહ થી પાછા વાળી, વૈરાગ ને, વીતરાગ ના રાહ ની, ચાહ પ્રકટાવનાર છે. એ જ, કરમની જંજીર માં બંધાયેલ, પ્રભુ આદિનાથ ના આતમા ની, આ કેવી અતીવ-રાગ દશા!!

રે.... કરમ... તૂં કેવો બેશરમ... તૂઝે તો સબ સમાન!

અને... જ્યારે સ્વયંપ્રભા ની પાછળ પાગલ બનેલ, આ લલીતાંગદેવ, મિત્ર સાથે, સ્વયંપ્રભા મેળવવા, અવનીમાં આવી રહ્યા છે. ત્યારે (૨)... શું હાલ છે, આ પૃથ્વી પર, સ્વયંપ્રભા ઉર્ફે નિર્નામિકા ? પુણ્યશાળીઓ! આપને કદાચ



ખબર હશે, કે...દેવલોકમાં કમાવાની તો, ચિંતા નથી જ, પરંતુ... ત્યાં, ખાવાની પણ તકલીફ નથી લેવાની માત્ર... તમે, ઈચ્છા કરો બરફીની... એટલે આવી જશે, મ્હોં માં બરફીનો ટેસ્ટ, ને... થઈ જશે, બરફી ખાધાનો સંતોષ! પરંતુ...પરંતુ, પુણ્ય જ્યારે પરવારી જાય છે, ત્યારે... નિર્નામિકાના કેવા હાલ-બેહાલ છે, નિહાળીએ...

નિર્નામિકા - મા...મા....(કહેતાં પ્રવેશ કરે છે) મા! મા મને ભૂખ લાગી છે.

માઁ - તો - ખાઈ લે પેલો રોટલો, શીકા માં પડ્યો છે તે...

નિર્નામિકા - ના - 'મા' - મારે આજે રોટલો નથી ખાવો, માઁ મારે મીઠાઈ ખાવી છે.

માઁ - મીઠાઈ? મીઠાઈ વળી, આપણા નશીબમાં ક્યાંથી?

નિર્નામિકા - માઁ... પેલી લીલા...સીતા...ગીતા, બધાને એની માઁ કેવી મીઠાઈ ખાવા દે છે, ને, એક તૂ જ કેવી મારી માઁ છે, કે તૂં મને બસ, રોજ ને રોજ, સૂકો રોટલો જ ખાવા આપે છે!

માઁ - ચાલ હવે દોઢ-ડાહી, ખાવુ હોય તો, ખાઈ લે, આ કટકો રોટલો, ને નથી ખાવું? તો.. રહેવા દે. કાલે ચાલશે. બોલ... ખાવું છે તારે?

નિર્નામિકા - માઁ... મને, ભૂખ લાગી છે... માઁ, મને ખૂબ ખૂબ ભૂખ લાગી છે.

માઁ - તો ચાલ, લઈ લે સાથે, નમક ની ચપટી, ને.. ખાઈ લે આ રોટલો...

નિર્નામિકા - ના, માઁ, પણ... આજે મારે સૂકો રોટલો નથી ખાવો. માઁ... મારે સૂકો રોટલો, આજે નથી જ ખાવો. માઁ... મારે મીઠાઈ ખાવી છે. મારી વ્હાલી માઁ, મારે મીઠાઈ જ ખાવી છે. માઁ તૂં મને મીઠાઈ આપ (૨)

માઁ - (લાકડી લઈ... ગુસ્સો થઈને) શું કહ્યું? તારે મીઠાઈ જ ખાવી છે! હરામખોર! ગામ ભર માં, ભટકવું છે..દિવસભર રખડવું છે, ને... પાછી મીઠાઈ ખાવી છે! નિર્ભાગી! શું તને ખબર નથી? તારા જેવી અભાગી, આ ઘર માં આવતાં જ, તારો જનમ થતાં જ, તારો બાપ તો, અમને પણ છોડીને ભાગી ગયો. ને... હાડકાની હરામ તારે મીઠાઈ ખાવી છે ને! તો...જા, જંગલમાં.. ફરીવાર.. ને લાવ લાકડાં, આટલા અમસ્તા તા લાકડાં તો તને બાળવા'ય ન ચાલે. સાંભળ્યું? (કાન પકડીને), કામચોર! તો... જા જંગલમાં... કાપ લાકડા... ને લાવ પૈસા સમઝી?

નિર્નામિકા - માઁ... હું જંગલ માં જાઉં છું. (રોતાં રોતાં જાય છે)

માઁ - (જતી નિર્નામિકાને માઁ, પાછળથી બોલીને બતાડે છે) હં... મોટી બાદશાહની બેટી ખરી ને તે, કહે છે, મારે મીઠાઈ ખાવી છે ને... ખાવી હતી મીઠાઈ, તો... જનમવું તુ, ને.. કોઈ પુણ્યવાન ના ઘરે..

કે - નિર્નામિકાનો... પૂર્વ ના કોઈ, અપૂર્વ પુણ્યે....સુંદર સદ્ભાગ્યે, આજે યુગમંધર મુનિ ને કેવળજ્ઞાન થયું મહોત્સવ કરવા, આકાશમાં... દેવ-દેવીઓની, અને... વંદન કરવા ગામ માંથી, આવતા, નર-નારિઓને જોઈ, આશ્ચર્યની, નિર્નામિકા પૂછી રહી છે.

(દ્રશ્ય... ભાઈ-બહેનોની...દેવ-દેવીઓની દોડા-દોડ)

નિર્નામિકા - અરે... ઓ બેન! અરે ઓ ભાઈ! આમ... જલ્દી જલ્દી, તમે બધા ક્યાં જઈ રહ્યા છો. આ દેવ-દેવીઓ ના વિમાન, આટલો મીઠો મધૂર વાણીનો સાદ, ...આ દેવ-દુંદુભીનો નાદ કેવું સરસ લાગે છે બધું!! એવું લાગે છે, જાણે... આજે ધરતી પર સ્વર્ગ જ ઉતર્યુ ન હોય!

બહેન - બેટી! આજે... પર્વત પર, યુગમંધર મુનિ ને, કેવળજ્ઞાન



થયું છે. ચાલ, તારે આવવું છે, એમની પાવન મન-મોહક વાણી સાંભળવાં?

નિર્નામિકા - હા... ચાલો બહેન. પરમાત્માની, પાવન વાણી સાંભળીને... નિર્નામિકા, પોતાના જીવન ને, ધર્મમય બનાવી દે છે. તપ-જપ માં, મન ને, પરોવી દે છે. પરંતુ... કર્મ ની આ કેવી બલીહારી! પૂર્વ ના ભવ માં, જે... દેવ ને પણ, પ્રાણ...થી પ્યારી હતી, ને... હજી દેવલોક માં પણ, તેની યાદ માં, સતત, જેના નામની માળા દેવ, જપી રહ્યો છે, ને... જેને મેળવવા અતિ ઝંખી રહ્યો છે.. એને... પૂર્વ ભવ ના કર્મ ઉદયે, આ પૃથ્વી પર, એને કોઈ, યુવક પણ, પરણવા, તૈયાર નથી. ત્યારે.. નિરાશ નિર્નામિકા, શું બિચારી રહી છે?

અરે..., આમ પણ, આ સ્વાર્થી સંસારમાં છે શું? કેવલી-ભગવંતે પણ, સાચું જ કહ્યું હતું ને... યહાઁ..(શાયરિ)

ફેંક દેતે હૈ ફૂલ કો... ખૂશ્બુ નીકળ જાને કે બાદ (૨); ઔર..
તોડ દેતે હૈ રિશ્તા, (૨) મતલબ નીકલ જાને કે બાદ.

આવા...સ્વાર્થી સંસારમાં, પરણી ને પસ્તાવું, એના કરતાં, પરણવું જ નહીં, તે શું ખોટું?... આ દુનિયાના... ને માઁ ના, રોજ-રોજ, મારે મેણાં-ટોણાં સાંભળવા, એથી, તો, ભલું છે ને, કે હું... અનશન કરી, મારા આતમા નું કલ્યાણ કરી લઉં..!!

દ્રશ્ય - ને... બેસીને, આંખ બંધ કરી, નિર્નામિકા, પરમાત્મા ની પ્રાર્થના, કરી રહી છે. શ્રી નવકાર જપી રહી છે. મુક્તિની શોધમાં....પરમાત્મા માં તલ્લીન છે નિર્નામિકા.

કે - ઓહ! આ નિર્નામિકા, તો... અનશન કરીને, આત્મ-કલ્યાણ કરવા, ઝંખી રહી છે. પરંતુ... રે મોહરાજ! આ તારી કેવી કળા... કે, જે... ભાવિમાં... તારક તીર્થંકર

બની ને.. સ્ત્રી ના ફંદામાંથી, અનેક ને, મુક્ત કરનાર છે. એ જ પરમાત્મા નો આતમા, લલીતાંગ દેવ, ખુદ, સ્વયંપ્રભા દેવી માં, પાગલ બની ને, મિત્રદેવ સાથે, અવની પર આવેલ છે, દૂર થી... નિર્નામિકા ને જોઈને, મિત્રદેવ, શું કહી રહ્યા છે, લલીતાંગ ને?

દ્રઢધર્મ - જો... જો... લલીતાંગ! આ, સામે જે ધ્યાનમાં બેઠી છે, એ.. બીજું કોઈ નહીં, પરંતુ તારી સ્વયંપ્રભા જ છે.

લલીતાંગ - શું? (આશ્ચર્યથી) આ... મારી સ્વયંપ્રભા...!! મારી પ્રિયા... નહીં... નહીં દોસ્ત! ચંદ્રની ચાંદની ને પણ, શરમાવે, એવું... એ ચહેરા નું નૂર ક્યાં? અરે... એ અપ્સરાનું અદ્‌ભૂત રૂપ ક્યાં? અને...અને, આ કરમાયેલી વેલ જેવી, આ ક્યાં? (નિર્નામિકાને જોઈ જ રહે છે...) લલીતાંગ...(૨) (ન સાંભળતાં, હાથ થી ઢંઢોલીને...) લલીતાંગ... ચાલ, હવે જઈશું? દેવલોકમાં? નૃત્યનો સમય થઈ રહ્યો છે. ના દોસ્ત! સ્વયંપ્રભા વિના નું જીવન, મારે મન વેરાન-વન છે. દોસ્ત! શી રીતે મળશે, મને... મારી સ્વયંપ્રભા, દોસ્ત! એ જીંદગી...જીંદગી નથી જેમાં સ્વયંપ્રભા નથી. મિત્ર... તૂં મને જલ્દી કહે...(૨). શી રીતે મળશે મને મારી સ્વયંપ્રભા...?

દ્રઢધર્મ - ના...ના...લલીતાંગ! તૂં આટલો ઉતાવળો... આટલો બાવરો ન બન. મિત્ર! જરૂરથી મળશે, તને તારી સ્વયંપ્રભા... તારી પ્રિયા...

લલીતાંગ - પણ... પણ, શી રીતે?

દ્રઢધર્મ - અરે, લલીતાંગ! આંજી દે એને, તારા રૂપ થી..ને, ડગાવી દે એને ધ્યાન થી નિયાણું કરશે નિર્નામિકા, ને... બની જશે તારી સ્વયંપ્રભા!!

લલીતાંગ - (નિર્નામિકા તરફ જોઈને પ્યાર ભર્યા સ્વરે...)



નિર્નામિકા...(૩)

નિર્નામિકા - (બબડતાં... (૨) ધીરે ધીરે આંખો ખોલે છે) આહ... જીંદગીમાં પહેલીવાર, આટલા પ્રેમથી મને, કોણ બોલાવી રહ્યું છે?

લલીતાંગ - (નિર્નામિકા ધીરે થી આંખો ખોલી, આશ્ચર્ય થી જોઈ રહે છે) ઓહ! આટલા... રૂપ રૂપ નો અંબાર... કોણ હશે આ? પણ... આ કોઈ પૃથ્વી નો માનવ તો ન જ હોય. તો શું આ કોઈ દેવલોકના હશે? પણ... દેવ વળી, દેવલોક ના, સુખે છોડી, અહીં શું કામ આવે? અને, મને, શું કામ બોલાવે?

આ નિર્નામિકા, તો... કોઈ યુવક ને પણ ગમતી નથી... તો, દેવ નો, તો... સવાલ જ ક્યાં? તો... તો, શું હું આ સ્વપન જોઈ રહી છું? કે... સત્ય છે? (ફરી થી આંખો બંધ કરી દે છે)

લલીતાંગ - નિર્નામિકા... (૨) (૨)

નિર્નામિકા - અરે... અરે, આ તો, ફરીવાર, મને જ બોલાવી રહ્યા છે!! (આશ્ચર્ય થી આંખો ખોલતાં) પણ...પણ તમે કોણ છો?

લલીતાંગ - નિર્નામિકા! હું તારો પૂર્વભવ નો, પ્રિયદેવ, લલીતાંગ ને... તૂં હતી મારી વ્હાલી, પ્રાણ-પ્રિયા મને, અતિ ગમતી, દેવી, સ્વયંપ્રભા, દેવી! તારા વિના ના સુના જીવન ને, સજાવવા.. તને, ફરી લેવા આવ્યો છું. દેવી! કૃપા કરો.

નિર્નામિકા - પણ...(૨) દેવ! હું તો માનવ... તમારા સ્વર્ગ મા, હું શી રીતે આવું?

લલીતાંગ - દેવી! તમે અહીં નિયાણું કરી, ફરી થી, સ્વયંપ્રભા નો અવતાર માંગી લ્યો. નિર્નામિકા... નહીં તો, આ લલીતાંગ

દેવ, તારા વિના ન જીવી શકશે. દેવી!

દ્રઢધર્મ - લલીતાંગ! હવે જલ્દી જઇશું. ઇંદ્ર-સભાનો સમય થઈ ગયો છે. ચાલ...મિત્ર.. ત્યાં, આપણે જવું જરૂરી છે. દોસ્ત! ચાલ.

લલીતાંગ - (મન વિના - જતાં જતાં લલીતાંગ કહે છે) નિર્નામિકા! તું... સ્વયંપ્રભા બની ને, જલ્દી જલ્દી આવી જજે હોં..., દેવી! સ્વર્ગમાં પણ, હું તને જ, બસ, તને જ યાદ કરતો રહીશ હું તારી જ રાહ જોતો રહીશ...દેવી...

(ને... લલીતાંગ નિર્નામિકાને જોતાં જોતાં જ, સ્વર્ગ તરફ પ્રયાણ કરે છે) ત્યારે.... નિર્નામિકા પણ - અતિ આશ્ચર્ય ને આનંદ થી, સ્વર્ગમાં જતાં, દેવો ને બસ જોતી જ રહે છે.

કે - નિર્નામિકા... ફરી થી આંખો બંધ કરી, પરમાત્મ-ધ્યાન માં, મન સ્થિર કરવા પ્રયત્ન તો, કરી રહી છે, પરંતુ આ શું...

નિર્નામિકા - નમો અરિહંતાણં નમો સિધ્ધાણં નમો... (બોલતાં (૨) અટકી જાય છે. ફરી ખોઈ ખોઈ બેસી છે. ને વિચારે છે) નિર્નામિકા વિચાર મુદ્રામાં...)

કે - અરે... આ શું ? દેવ-માયા નો ભાવ; અને... પૂર્વ-ભવ ની પ્રીત ના પ્રભાવે, આ નિર્નામિકા, પણ વીતરાગ ની સ્તવના છોડી... રાગ ની રાહ માં તણાઈ રહી છે, ને... દેવ ને યાદ કરતાં કહે છે...

નિર્નામિકા - વાહ... કેવું અદ્ભૂત એનું રૂપ હતું, ... ને...કેવું સરસ સ્વરૂપ હતું, એ દેવ નું! ને... કેટલા પ્યાર થી, મને કહેતા હતા, નિર્નામિકા! દેવી! તૂ સ્વર્ગ માં જલ્દી આવી જજે. આ લલીતાંગ ને, તારા વિના જરાય' ન ગમશે. જરા'ય ન ગમશે તારા વિના, પણ... ઓ મારા પ્યારા દેવ! આ નિર્નામિકાને પણ, હવે તમારા વિના ક્યાં ગમે છે ? ઓહ..



પરમાત્મા! ઓ દયાળુ દેવ! મારી તને, એક જ આરઝૂ છે... વિનંતિ છે.. પ્રાર્થના છે. કે... નાથ! આ ભવ માં મેં, જે કંઈ-પણ, તપ-ત્યાગ કે ધર્મ કર્યો હશે, ઓ મારા સર્વ પુણ્યનું ફળ, જો કંઈ હોય તો... દેવાધિદેવ! તૂં મને લલીતાંગ-દેવ ની દેવી સ્વયંપ્રભા બનાવજે. આ નિર્નામિકાની, આટલી વિનંતિ, તૂ જરૂર થી સ્વીકારજે... જરૂર થી સ્વીકારજે. નાથ! એ વિના... મારી, બીજી કોઈ જ તમન્ના નથી, ઈચ્છા નથી. હે પ્રભુ! મારી આ આશાને તૂં. જરૂર જરૂર થી, પૂર્ણ કરજે, હે નાથ! નિરાશ તો, નહીં કરીશ ને!

(ફરી થી આંખ મીંચીને... અલૌકિક દુનિયાના, સુંદર સ્વપનમાં ખોવાયેલ નિર્નામિકા, 'નમો અરિહંતાણં' ભૂલી, લલીતાંગ ની જ માળા જપી રહી છે.)

નિર્નામિકા - (માળા હાથ માં)... નમો અરિહંતાણં... નમો સિધ્ધાણં.. નમો લલિતાંગ....(૭) (ધીમે ધીમે માળા જપતી જ રહે છે) નમો અરિહંતાણં... નમો લલીતાંગ...(૫)

કે - ને... પૂર્વ ની પ્રીત ના કોઈ અદ્રશ્ય બંધને, ખેંચાયેલી નિર્નામિકા, કર્મ ના પ્રભાવે... ? લલીતાંગ ની માળા જપતાં જપતાં... આ નશ્વર દેહ નો અંત કરી. ફરીથી સ્વયંપ્રભા રૂપે, લલીતાંગ-દેવ ની દેવી બને છે. ત્યારે.

મ્યુઝીક - પડદો ઉઠાવતાં (દેવી ના રૂપ માં... સ્વયંપ્રભા નું આગમન)

લલીતાંગ - (સ્વયંપ્રભા ને જોતાં જ અતિ આનંદ થી) ઓહ! સ્વયંપ્રભા! ..આવો...આવો, દેવી! દેવી! આ શ્રીપ્રભ વિમાન માં, આપનું સ્વાગત છે. પધારો....પધારો. (સ્વયંપ્રભા સિંહાસન પર બેસે છે) દેવી! આજે મારા આનંદ નો કોઈ, પાર નથી. પ્રિયા! એવું લાગે છે, ...આજે, તુ જ નહીં, જાણે... બહાર આવી છે મારા જીવન માં પણ... દેવી! હવે તો તૂં, તારા લલીતાંગ ને છોડીને, નહીં જઈશ ને!

ના... ક્યારે'ય નહીં જઈશ હોં સ્વયંપ્રભા! તારા વિના મને જ'રાય ન ગમે....(૨) દેવી! ચાલો... આપના આગમન ના, આનંદ માં... નૃત્ય ની તૈયારી કરાવીએ.

સ્વયંપ્રભા - નાથ! આપને... મારા પૂર્વ ના પ્રિયતમ ને, ફરીથી પામવાનું મારૂં કેવું અહો - ભાગ્ય, સ્વામી! મારા અંતરમાં... એની ખૂશી નો કોઈ પાર નથી. દેવ! જનમો-જનમ, હર-જનમ, તમને જ પામવાનું મારૂં સદ્ભાગ્ય હજો.. મારૂં પુણ્ય હજો, સ્વામી...!

લલીતાંગ - (ખુશીથી) દેવી! શું આ આનંદના અવસર ને, નૃત્ય થી વધાવીએ? હા નાથ! જેવી આપની ઈચ્છા.

## નૃત્ય

મારા મનડા નો... (૨), નાચે મોર, તાક્ થૈયા થૈયા...(૨)
દુંદુભી કા, બાજે શોર... બજ રહી શહનાઈયાઁ (૨)...
રત્ન-વિમાન, રત્ન-દીપક, શોભી રહી ઈન્દ્રપૂરીયાઁ (૨)..મારા

યે સ્વર્ગ-લોક કા સ્વામી હૈ, યે લલીતાંગ ગુણ-ખાણી હૈ
...પુણ્ય-તણી, વરસી રંગરેલી, સ્વયંપ્રભા રૂપ-પરિયાઁ
(બંને વખત આ કડી-અલગ રાગ માં ગાવું)

હીરા-માણેક મોતી ચમકે છે, એને કાને કુંડલ ઝલકે છે (૨)
હો...જરિયન જામા, મોતીયન માલા, મુગટ ને શાન બઢાઈ..
જય-જય યહાઁ પર હોતી હૈ, ગીત-સંગીત ધૂમ મચાતી હૈ (૨)
હો...હો... છૂમ છૂમ છૂમ છૂમ..., પાયલ બાંધકે,
નાચ રહી સુંદરિયા (૨)... મારા મનડા નો...

સ્વયંપ્રભા - સ્વામીનાથ! ચાલો... નંદનવન જઈશું?

લલીતાંગ - હા દેવી... જરૂર જઈશું.. ચાલો.

પડદો

કે - સોહામણો દેખાતો, આ સંસાર, ... એટલે જ અસાર છે, કે... અહીં કોઈ પાત્ર કે પદાર્થ, શાશ્વત હોતો નથી, અરે... બદલે...બહકે..ને, બગડે એનું જ નામ તો સંસાર છે. અને, એટલે જ...

સ્વર્ગ ના રંગ-રાગ માં, સ્વયંપ્રભા ના સાથ માં, મસ્ત બનેલ, આ લલીતાંગ ને... એના ગળાની કરમાતી માળા, એને... ફરીથી વિરહ ની વેદના અર્પી દે છે. અને.. અનંત નો પથિક પરમાતમા નો આતમા, લલીતાંગ દેવ, નંદિશ્વર તીર્થ ની યાત્રા થી પાછા વળતાં, રસ્તામાં જ, પોતાનું દેવનું આયુષ્ય પૂર્ણ થતાં, બંધાયેલ પુણ્યના ઉદયે, ધર્મ ના પ્રભાવે... પ્રભુ આદિનાથ, પોતાના છઠ્ઠા ભવ માં... વજ્જંઘ નામે રાજકુમાર બન્યા છે. અને... જનમ-જનમ ના સ્નેહ સંબંધે... એમની સ્વયંપ્રભા દેવી, ફરીથી... એમની રાણી શ્રીમતી બન્યા છે.

છઠ્ઠો. ભવ

એક વખત... વન-વિહારમાં... કાઉસ્સગ ધ્યાનમાં, ઉભેલ, મુનિ-ભગવંત ને વજ્જંઘનો સુતેલા આતમા જાગી જાય છે.

તા.ક. (મુનિ-ભગવંત નું પાત્ર ન બનાવાય. ન બનાવવું - ટેમ્પરરી મુનિવેશ ન પહેરાય તસ્વીર મૂકવી.)

વજ્જંઘ - (મુનિ ભગવંત ને... બંને, મસ્તક ઝૂકાવી, અહોભાવ થી, પ્રણામ કરે છે.)

ધન્ય છે આ મહાત્માને... ને, આ અવનીના અણગાર ને! મહારાણીજી! કેવી યુવાન વય માં, કાયા ની માયા છોડી, આતમા નું કલ્યાણ કરી રહ્યા છે. ને... આ અભાગી, હું... હજીય, રંગ-રાગમાં ડૂબી રહ્યો છું. પ્રિયે! હું પણ... પુત્ર ને, રાજ-પાટ સોંપી, તુરત જ સંયમ અંગીકાર કરીશ. દેવી! આ જીંદગી નો, તો, શું ભરોસો?

શ્રીમતી રાણી- શું કહ્યું? સ્વામી! આપ દીક્ષા લેશો? - સ્વામી! આપ

સંયમ સ્વીકારશો ? તો...તો, આ શ્રીમતી પણ, આપની સાથે જ સંયમ સ્વીકારશે, નાથ જે માર્ગ પતિ નો.. એ જ રાહ સતી નો...

વજ્ર - ખૂબ સરસ.. ખૂબ સરસ... અતિ ઉત્તમ...(૨) મહારાણીજી! આખર "માનવ જીવન નો એક જ સાર, સંયમ વિના નહીં ઉધ્ધાર". મહારાણીજી! આ આતમાનું, પરમ શ્રેય.. તો, પ્રવજ્યા અને પરમ-પદની પ્રાપ્તિ જ છે ને!

શ્રીમતી - હા સ્વામી! જ્ઞાની ભગવંતો, એટલે જ કહે છે ને... છોડવા જેવો સંસાર... લૈવા જેવું સંયમ... અને, મેળવવા જેવો મોક્ષ.

વજ્ર - દેવી! ચાલો.. નગર માં જઈ, બીજે જ દિને, પુત્ર ના રાજ્યાભિષેકની, અને... આપણા સંયમ સ્વીકાર ની, ઘોષણા કરાવીશું.

શ્રીમતી - હા સ્વામી! હવે તો, મારા અંતરમાં પણ, બસ આ એક જ અરમાન છે, ઇચ્છા છે... અભિલાષા છે. બસ... જલ્દી થી જલ્દી, સંયમ ની સુંદર સાધના કરી, આ આતમ ને અજવાળી લઈશું.

વજ્ર - ચાલો દેવી... હવે જલ્દી થી નગર તરફ જઈએ. દિન અસ્ત થવાની.. તૈયારી છે.

શ્રીમતી - હા સ્વામી... ચાલો...(બંને નગર તરફ પ્રયાણ કરે છે)

પડદો

આ દુનિયાના, વર્તમાન ના વાતાવરણ ને જોઈ, મને પેલી પંક્તિ યાદ આવી જાય છે. "આજ કાલ, માનવ ના ઝેર માટે પૂછ મા... સર્પ પણ એટલા ડસતા નથી (૨). એક પત્નીએ ખૂશ થતાં થતાં, પતિ ને પૂછ્યું "જો હું હિમાલય ની ટોચ પર પહોંચી જાઉં,....તો, તમે મને શું આપશો ?.. પતિએ કહ્યું..."હળવો ધક્કો". ને... આ વાંચી યાદ આવી ગઈ પેલા શાયર ની શાયરિ - ✤ "યે સંસાર સરાસર સપના હૈ; યહાઁ કોઈ નહીં તેરા અપના હૈ" (૨). કેટલો સ્વાર્થ ભર્યો છે આ સંસાર, કે... પ્રભાતે... પુત્ર નો રાજ્યાભિષેક, અને... પોતાની, સંયમ લેવાની, શુભ ભાવના ભાવતાં, મુમુક્ષુ વજ્રજંઘ રાજા અને શ્રીમતિ-રાણી ને, પોતાના રાજ્યાભિષેકની વાત થી અન્જાન, ખુદ, પોતાનો જ પુત્ર, તે જ રાત્રીએ, રાજ-ગાદીની અતિ લાલચ માં, પોતાના જ ઉપકારી માતા-પિતાને, ઝેરી વાયુ દ્વારા મરાવી નાંખે છે. પરંતુ... જેવી મતિ - તેવી ગતિ ના નિયમ પ્રયાણે, સંયમ લેવાની શુભ ભાવના માં, મૃત્યુ પામેલ આ બંને આતમા...

ભવ-૭ સાતવા ભવ માં, કલ્પવૃક્ષ ના ઈચ્છીત સુખોને માણે છે... ૮ માં ભવ માં અથવા તો) (દ્રશ્ય બતાવી શકાય... વૃક્ષ (કલ્પ)... હે કલ્પવૃક્ષ! અમોને ભોજન આપો... વૃક્ષ માંથી ઉતરતી થાળી...(પાણી વિ. ચીજો બતાવવું)

કે - બોલો - છે ને કેવી મઝા... ન બનાવવાનું ભોજન કે... ને જવાનું હોટલમાં ઑન ધ સ્પૉટ, એટ એ ટાઈમ, રેડીમેડ ના દુનિયામાં... જવું છે? ... તો, ચાલો આવીજ શાંતિથી, ફરીથી કરીશું આદિપ્રભુના ગુણગાન... બોલીએ આદીશ્વર ભગવાન કી...

ભવ-૮ ✤ આઠવા ભવ માં... સૌધર્મ નામના દેવ-લોક માં... દેવ-દેવી તરીકે ઉત્પન્ન થઈ...

ભવ-૯ ✤ નવ માં ભવ માં... પ્રભુ આદિનાથનો આતમા, મહાવિદેહ ક્ષેત્ર માં, વૈદ્યપુત્ર, જીવાનંદ બન્યા છે, અને... સ્વયંપ્રભા ઉર્ફે શ્રીમતી રાણી, એમનો કેશવ નામે મિત્ર બન્યો છે. અહીં પણ... જનમ જનમ ની પ્રીત છે ને!! બંને વચ્ચે

અતૂટ મૈત્રી છે. એટલું જ નહીં, અહીં થયેલ, છ મિત્રો મળીને, કરેલ.. ગુરૂ-ભગવંતની સુંદર વૈયાવચ્ચ તેમજ શિખરબંધી જિનાલયનું નિર્માણ, તેમજ... સંયમ ની સુંદર સાધના ના પ્રભાવે, ૧૨ મા દેવલોક માં, દૈવી વૈભવ માણી ને...

પ્રભુ આદિનાથ નો આતમા, પુંડરિકગિણી નગરીમાં.... વજનાભ નામે ચક્રવર્તી બન્યા છે... શ્રીમતી રાણી, સુયશા સારથી બન્યા છે, અહીં પણ, પૂર્વ ના છ મિત્રો મળીને, સંયમ સ્વીકાર્યુ.

એક અતિ આનંદ ની ઘટના, આ ભવમાં બની, પ્રભુ ઋષભદેવે, વીશસ્થાનક ભાવ-પૂર્ણ આરાધના કરી, તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યુ.

છ એ મિત્ર-મુનિઓ, અંતે અનશન કરી, સર્વાર્થસિધ્ધ નામના અનુત્તર વિમાનમાં દેવો બન્યા, ત્યાં... ૩૩ સાગરોપમનું આયુષ્ય અતિ સુખમય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી... તેરમા ભવ માં, પૂર્વ ના ઋણાનુબંધે.... અયોધ્યાનગરીમાં... એક બને છે પ્રભુ ઋષભદેવ... ૨ તેમના પુત્ર ભરત અને બાહુબલી બન્યા છે. તેમજ બે મિત્રો... બ્રાહ્મી અને સુંદરી નામે, પુત્ર રૂપે... અને, સ્વયંપ્રભા નો આતમા, નવમાં ભવમાં, પ્રપૌત્ર શ્રેયાંસ બન્યા છે. ચાલો... નિહાળીશું.... ૧૮ કોડાકોડી, સાગરોપમ ના, ધર્મ વિના ના, કાળ પછી... પુણ્યશાળીઓ તમારા, બે હાથ જોડી દો.... દેશના ના દાન દ્વારા, જેમણે આપણાને શાશ્વત સુખો નો રાહ બતાવ્યો, એ કરૂણાસાગર પરમાત્માની સ્તવના કરી...

સ્તુતિ - અરિહંત-ભગવંત ના અતિ પાવન - ભવ નો પ્રારંભ કરીશું.
જેણે ઉગાર્યુ વિશ્વ ને, અજ્ઞાન ના અંધાર થી,
જેણે સજાવ્યું વિશ્વ ને... સંસ્કાર ના શણગાર થી



જેણે બચાવ્યું વિશ્વ ને, સંસાર પારાવાર થી...
એ... આદિનાથ જિનેન્દ્રને, ભાવે કરૂં હું વંદના )૨ઞ

કે - ત્રિલોકીનાથ - દેવાધિદે પ્રભુ આદિનાથ નો આતમા, આ અવસર્પિણી કાળ ના, પ્રથમ તીર્થંકર રૂપે, આ વિશ્વનું કલ્યાણ કરવા, પ્રભુજી ધન્યમાતા મરૂદેવાની કુક્ષી માં પધાર્યા, ત્યારે... જગત્ જનની મરૂદેવા માતા એ, તીર્થંકર પદ સૂચિત, અતિ-તેજસ્વી, અતિ શુભ એવા, ૧૪-૧૪ સ્વપનો ને નિહાળ્યા.

આપણે... ગીત-નૃત્ય દ્વારા... એ ચ્યવન-કલ્યાણક નિહાળી પાવન થઈએ.

(૯) ૯ મો ભવ - જીવાનંદ વૈદ્ય નો સમય હોય તો ભજવી શકાય.

અથ શ્રી આદિનાથ કી કથા

છ મિત્રો - (૧) જીવાનંદ (૨) મહીધર (૩) સુબુધ્ધિ (૪) પૂર્ણચંદ્ર (૫) ગુણાકર (૬) કેશવ

૯ જીવાનંદ વૈદ્ય

૬ મિત્રો - હે સમતા ના સાગર, દયાના ભંડાર ગુરૂદેવ ! મત્થએણ વંદામિ... ગુરૂદેવ ! અમારી એક વિનંતિ છે.

ગુરૂદેવ - શું ?

૧. ગુરૂદેવ ! આરાધનાના આધાર સમા દેહની શાતા માટે આપ કૃપા કરી, આપના રોગ ની સારવાર કરવાનો, અમને લાભ આપો.

૨. કૃપા કરો ગુરૂદેવ

૩. ગુરૂદેવ ! અમને સેવા નો લાભ આપો.

કૉમેન્ટ્રી

ગુરૂજી - ભાઈઓ! એક પણ જીવ ન મરે, એવી તમારી દવા હશે. તો જ મને ખપશે, બાકી, હું તો મારી સાધનામાં મસ્ત જ છું.

૪ (ખૂબ ખૂશ થતાં.) અહોભાગ્ય અમારૂં ગુરૂદેવ! જેથી આપની રજા મલી ગુરૂદેવ! અમો જીવોની જયણાનો બરાબર ખ્યાલ રાખીશું.

૫ ધન્ય છે આવા કૃપાળુ, ગુરૂદેવ! (કરૂણાને) જેઓ જગત નાના નાના જીવોનું પણ હિત ઇચ્છે છે, આવી કરૂણા તો, આપણા જૈન શાસન વિના બીજે ક્યાંય ન મળે.

૬ મિત્રો! ચાલો હવે જલ્દીથી જલ્દી આપણે ગુરૂદેવની સારવાર કરીશું.

જીવાનંદ - મિત્રો! ગુરૂદેવની દવા માટે જરૂરી એવું, લક્ષપાક તેલ તો મારી પાસે છે, પરંતુ એની સાથે જરૂરી રત્નકંબલ અને ગોશીર્ષ ચંદન લાવવું પડશે.

ચાલો... આપણે પેલા વણિક ને ત્યાંથી લઈ આવીએ.

કોમેન્ટ્રી - વણિકની દુકાને મિત્રો રત્નકંબલ અને ગોશીર્ષ ચંદન ભીગે છે)

હે વણિક! લઈ લે આ બે લાખ સોનામહોર અને, મુનિ ભ. ની (ભક્તિ - દવા) ઈલાજ માટે, દઈ દે અમને પેલી રત્નકંબલ અને પેલુ ગોશીર્ષ ચંદન.

વણિક - શું કહ્યું? મુનિ ભ. ના ઈલાજ માટે જોઈએ છે? તો...તો... પુણ્યશાળીઓ! આ લાભ તો મારે જ લેવો છે, પૈસા તો આજે છે અને કાલે શું ખબર?

૨ નહીં નહીં વણિક! ગુરૂદેવની આ ભક્તિનો લાભ તો અમારે



જ લેવો છે.

૪ હા ભાઈ, જલ્દીથી આપી દો અમને, તમે આ બંને વસ્તુઓ... અને લઈ લો આ પૈસા.

વણિક - ના... ના... ભાઈઓ! ધન્ય છે તમારી આટલી નાની ઉમરમાં, આવી આ સુંદર ભાવના ને! પરંતુ... આ લાભ તો મારે જ લેવો છે, ભાઈ! પૈસા થી ભલે સોનાની ફ્રેમ મળી શકશે, પરંતુ એથી પણ કિમતી આંખ તો પુણ્ય થી જ મળશે ને! ભાઈઓ, પૈસા નહીં પરંતુ પુણ્ય કમાવું છે.

(વણિક બંને ચીજો મિત્રોને આપે છે.)

જે - ધન્ય છે વણિક! તમારી ગુરૂભક્તિ ને! 'જય જિનેન્દ્ર' ભાઈ (પછી મિત્રો તરફ વળીને)

ચાલો - ચાલો મિત્રો! હવે જલ્દીથી જઈશું ગુરૂ ભ. પાસે.

બધા - હા - ચાલ્યો.... ચાલો. મિત્રો! આજે ધન્ય ઘડી ધન્ય ભાગ્ય આપણા કે, ગુરૂ ભ. ની સેવાનો અમૂલ્ય લાભ મળશે.

(ગુરૂ ભ. પાસે આવી બધા ચિકિત્સા કરે છે - પ્રથમ લેપ કરી, પછી રત્નકંબલ ઓઢાડી, જીવોને ગાય ના કલેવરમાં નાંખે છે, પછી... નીરોગી દેહ જોઈ બધા ખૂશ ખૂશ થાય છે, ને... મુનિ ભ. ને પ્રણામ કરી કહે છે)

અહોભાગ્ય અમારૂં ગુરૂદેવ! આપે અમને સેવાનો સુંદર લાભ આપ્યો.

ગુરૂદેવ! સેવા કરતાં કરતાં અમારાથી આપને કંઈ તકલીફ થઈ હશે, ક્ષમા કરજો ગુરૂદેવ! (૨) ફરીથી બધા મત્થેણ વંદામિ કહે છે.

કે - ના...ના... ભાઈઓ! અમારા તમ સૌને આશિષ છે, ધર્મલાભ! પુણ્યશાળીઓ! આવા શુભ કાર્યોમાં અને

સેવામાં સદા તત્પર રહેજો.

સર્વે - હા ગુરૂદેવ ! (ફરીથી) મત્થએણ વંદામિ... શાતામાં રહેજો.
(કહીને બધા મિત્રો મળીને વાત કરેછે)

મિત્રો ! આજે તો આપણે ધન્ય (૨) બની ગયા, કૃતપુણ્ય બની ગયા, સેવાનો અવસર પામીને પરંતુ મિત્રો ! ઈલાજ કરતાં (૨) આ વધેલી, અમૂલ્ય ચીજોના આવેલા પૈસા નું શું કરશું ?

જે - મિત્રો ! આપણે એનાથી, ખૂબ સરસ દેરાસર બંધાવીએ, ને... પરમાત્માની ભક્તિ કરી આ જીવન ધન્ય બનાવીએ.

બધા - વાહ વાહ... ખૂબ સરસ (૨)

દોસ્ત ! ધન્ય છે તારી આવી શુભ ભાવનો ને... પ્રભુ-ભક્તિને !

## સ્વપન ગીત

સાખી - (રાગ - આને સે ઉસકે આયે....)

સર્વાર્થસિધ્ધ થી જ્યારે ચ્યવ્યા,
ચ્યવન કલ્યાણક એ તો કહ્યા,
નારકી એ પણ... સુખ શ્વાસ લહ્યા...
ચૌદ સુપન એ તો... જગ-મંગલ કહ્યા (૩)

મ્યુઝિક - (રાગ - આ જા સનમ મધૂર....)

દર્શન થકી મનડું નાચે આજે,
ઝૂમે અંતર ની ઉર્મિઓ, ઘડી ઘડી આ..
શોભી રહ્યા સપનો ના સા...જ... (૨)
પહેલો આવ્યો, ગજવર, મલપતો,
મસ્તી ભરી ચાલે એ ચલંતો...,
વૃષભ જૂએ, બીજે... શ્વેત-વર્ણ શોભતો (૨)



સિંહ, દીસે ત્રીજે......ત્રાડે, જગ ગજે (૨)
લક્ષ્મી દેવી કજે,......રૂપ દેવી સૌ રીઝે...!!(૨) દર્શન..

મ્યુઝીક - (રાગ - દિન હૈ બહાર કે... તેરે મેરે...)

દેખે દેખે, સપનો દેખે, મરૂદેવા નમણા,
અંબર થી, ઉતરતાં દેખે, શમણા સોહામણા...(૨)
પાંચમે સપને, દેખે મરૂદેવા...(૨)
સુગંધ પ્રસરાવે ફૂલમાલા...(૨)
છઠ્ઠે...ચંદ્ર, ચાંદની રેલાવતો (૨)
સાતમે સૂર્ય, કરે અજવાળા..।(૨)
દેખે...(૨) સપના દેખે...
આઠમે સપને, ધ્વજ લહેરાતો (૨)
જિનવરજી ના ગુણલા ગાતો (૨)
દેખે દેખે મંગલ, કલશ એ નવમે (૨)
સુંદર, પદ્મ-સરોવર દશમે...(૨)
દેખે...સપના...મરૂદેવા...(૨)

ગીત - (રાગ - ઊંચી તલાવડીની કોર...ગરબો)

રાતલડી સંગ મધૂર... સપના દેખી સપના,
હરખાણા, માડી મન માં...
ચમકંતા - તેજ - ભરપૂર... સપના દેખી સપના,
મલકાણા... માડી મન માં.... (૨)
અગીયાર મેં,રત્નાકર દીઠો,મરૂદેવા-લાલ જગ મીઠો (૨)
દેવ-વિમાન, ગગને સોહે, દેખ-દેખ, મન મોહે...(૨)
દેખ...દેખ, મન મોહે..., હો સપના દેખી સપના,
હરખાણા માડી મન માં
રાતલડી સંગ... સપના... મલકાણા...
તેર મેં, દેખે, રત્ન-રાશિ, જિન થાશે, અવિનાશી (૨)
ચૌદમે દેખે, અગ્નિ-જ્વાલા, કલ્યાણ કે ઉજાલા..(૨)..
હો સપના દેખી રાતલડી...

## સાખી

(આને સે ઉસકે..)

રાત સોહાયે... ચંદ્ર મનોહાર, મરૂદેવા દેખે, સપનોં કી હાર; બડી યે સુહાની હૈ... સપનોં કી બહાર, જિન-નામ કી કહાની,... સપનોં કી બહાર સબકો લુભાતી હૈ... સપનોં કી બહાર (૩) આ સ્વપન ગીત માં - ૨/૧ નાની છોકરી નૃત્ય કરે ગીત પ્રમાણે અને... ૧૪ નાની બાલીકા સ્વપન લઈ નાચતી (૨) આવે.

કે - જોતા-જોતામાં... નવ મહિના, અને... સાડા આઠ દિવસ પૂર્ણ થતાં..., આ અવની નો, ઉધ્ધાર કરવા, પ્રભુજી પૃથ્વી પર પધાર્યા. એ ધન્ય દિન હતો, ફાગણ-વદ-આઠમ નો! મધ્યરાત્રી ના સમયે, એ, પુણ્યમયી ઘડીએ, ચૌદે રાજલોકમાં, અજવાળા પથ વાતાવરણમાં... સુગંધ રેલાતી હતી, પવન પણ મંદ મદ વાઈ રહ્યો હતો, સર્વત્ર, સૌના મન જ્યારે... આનંદ આનંદ છાઈ રહ્યો હતો, એવા શુભ મુહુર્તે, મધ્યરાત્રીએ... પૃથ્વી પર પ્રભુજીનો, જન્મ થતાં જ... પરમાત્માએ, પૂર્વ ના ત્રીજા ભવ માં, સૌ જીવોને સુખી કરવાની ભાવેલી ભાવના પુણ્ય-પ્રતાપે.... પ્રથમ સ્વર્ગલોક માં, સદા સદા આનંદ માં રહેનારી, જુઓ...જુઓ... આ આવી રહી પ૬ દિક્કુમારિકા હર્ષ ભર્યા હૈયે... ને, .. ભક્તિ ભર્યા ભાવે... ચાલો.. નિહાળીએ, પ૬ દિક્કુમારિકાની પ્રભુ-ભક્તિ-ભાવ-ભીની-ભીની....



## જન્મ-કલ્યાણક

મ્યુઝિક -

### ગીત

હેલે ચઢ્યા રે હૈયા...(૩) હો.. હેલે ચઢ્યા, હૈયા..રાખ્યા(૨)
છપ્પન દિક્કુમરી હર્ષ-ભરી આવતી,
જય (૪) મુખ થી પોકારતી,
રૂમઝૂમ (૨) એના નુપૂર રણક્યા રે,
હૈયા હેલે ચઢ્યા..હો હેલે...હૈયા... ૧

અધો-લોક થી, અષ્ટ આવી પાય લાગતી,
મોરપીંછી એ ભૂમિ-શુધ્ધિ કરવા લાવતી,
હોંશે હોશે એના અંતર નમ્યા, રે હૈયા... હો હેલે... ૨

ઊર્ધ્વ-લોક ની કરે, સુગંધી જલ-વૃષ્ટિ
જિનજી નો જન્મ થતાં, હરખી આ સૃષ્ટિ
ધન્ય ધન્ય શબ્દ એના, મુખથી સર્યા રે.. હૈયા હેલે.. ૩

દક્ષિણ દિશા થી, આઠ કળશા લઈ આવતી,
હરખી-હરખી, પ્રભુજીને ન્હવરાવતી,
હૈયા ના ભાવ, એના... જલ માં ભળ્યા રે.. હૈયા..હેલે. ૪

પૂર્વ-રૂચક ની આઠ, લાવતી આ દર્પણ,
જીનજી ને કરવું, જીવન સમર્પણ,
રૂપ-અનુપ જોઈ, દીલડાં ઠર્યા રે.. હૈયા...હેલે ૫

ઊત્તર ની, અષ્ટ આ, ચામર લઈ આવતી,
પ્રભુ ને, વીંઝીને, મન માં મલકારીત,
ત્રણ ભુવન ના, નાથ મળ્યા રે, હૈયા...હેલે... ૬

વાયુ ના - વીંઝણા, પશ્ચિમ થી આવતા,
ઝીણી ઝીણી એ ઘૂઘરી રણકાવતાં,
શીતલ-વાયુ એ, આતમ શીતલ કર્યા રે.. હૈયા..હેલે.. ૭

રક્ષા ની પોટલી, બાંધી ને બોલે,

ત્રણ ભુવન માં, નહીં તુજ તોલે,
પાય નમી ને, એનાં મનડાં ઠર્યા રે..હૈયા હેલે.. ૮

ચાર કુમારિકા વિદિશા થી આવતી,
ઝગમગ ઝગમગ, એ દીપક લાવતી,
જુગ જુગ જીવો, એમ ફૂલ ખર્યા રે..હૈયા હેલે...હેલે...
હેલે ચઢ્યા રે... (પરમાત્મા ને નમી ને વિદાય...)

પડદો

કે - પ૬ દિક્કુમારિકાઓ, હર્ષ ઘેલી બની, પરમાત્મ-ભક્તિ થી, પોતાને, ધન્ય...ધન્ય માનતી... ફરીથી સ્વર્ગલોકમાં જવા.. પ્રભુને વારંવાર નમીને વિદાય લીધી ત્યાંજ.... ત્રિલોકીનાથ, પ્રકૃષ્ટ પુણ્ય ના સ્વામી, પરમાત્માના જન્મનો કોલ..એસ.ટી.ડી. જાણે પહોંચી ગયો દેવલોકમાં... ને.. સિંહાસન કંપાયમાન થઈ રહ્યું, સંગીતમાં મસ્ત, ઇંદ્રમહારાજાનું... શું પુણ્ય પ્રભાવ છે પરમાત્માનો..!! (આપણે તો, પડોશીને જણાવવા પણ, થાળી વગાડવી પડે, ને.. પેંડા વ્હેંચવા પડે.)

દ્રશ્ય - જેમ જેમ... સિંહાસન કંપે છે... ક્રોધ ની રેખા વધી રહી છે ઇંદ્રમહારાજાની... ને ગુસ્સો પહોંચ્યો છે આસમાને...

ઇંદ્રમહારાજ- (બેઠા બેઠા) અરે...અરે, આ શું થઈ રહ્યું છે? કોણે મારા, અચલ સિંહાસન ને ચલિત કરવાની કોશિશ કરી છે? અરે... અરે... (સિંહાસન થી ઉભા થઈ... સ્ટેજ પર આગળ આવી ગુસ્સામાં જ) કોણ છે એ કાળી ચૌદસ નો જાયો? કોની માઁ એ, સવા-શેર શૂંઠ ખાધી છે, અરે, કોણ છે એ દુરાત્મા! જેણે.. મારા જેવા, ૩૨ લાખ વિમાન ના સ્વામી ઇંદ્રનું સિંહાસન, ચલિત કરવાની હિંમત કરી છે? કોણ છે, જેણે, યમરાજ ને, આમંત્રણ આપ્યું છે? કોણ છે જેને, અકાળે મૃત્યુ બોલાવી રહ્યું છે?, અરે - કોણ છે, જેણે સુતેલા સિંહ ને, જગાડવાની હિંમત કરી છે? બિચારો... બિચારો...



લાગે છે, એને, મારી શક્તિની પહેચાન નથી. અરે..! શું જાણે એ મારા વજની તાકાત ને! એ તો બિચારો, વજ ને જોઈને જ, પાણી પાણી, થઈ જશે. અરે... એ તો, પલ માં જ, ચૂર ચૂર થઈ જશે.

આખિર કોણ છે, એ મૂરખ? જરા સામને તો આ, હં... મને છેડવા આવ્યો છે!! (આ હા...હા... (૩) જોર થી અટ્ટહાસ) આવ. તને હમણાં જ બતાવી દઉં! અરે, હાં... હુંજ અવધિજ્ઞાન નો ઉપયોગ મૂકું.. કોણ છે એ? (લમણે આંગળી અડાડી ૨ મિનીટ વિચારતાં).. શાંતિ થી.. પશ્ચાત્તાપ કરતાં કરતાં)

ઓહ! આ તો, આ અવસર્પીણી ના, પ્રથમ તીર્થંકર, ઋષભદેવ નો... અરિહંત પ્રભુ નો જન્મ થયો છે!! (પશ્ચાતાપ કરતાં (૨) અરેરે... મેં આ શું કર્યું? કેવું વિચાર્યું? ત્રણ લોક ના નાથ ની, ભયંકર આશાતના! ધિક્કાર છે મને (૨) પ્રભુ! મને માફ કરો (૨) પ્રભુ મને ક્ષમા આપો (૨) પ્રભુ! મારી વંદના સ્વીકારો....(૨) (કહી - નમુત્થુણં કહેવું.)

કે - ત્યારબાદ... પ્રભાતે...અયોધ્યા નગરીમાં, પુત્ર જન્મ ના સમાચાર સાંભળી, સૌના, આનંદ નો, પાર ન રહ્યો. ઠેર ઠેર પ્રભુ ના જન્મ-મહોત્સવ નો આનંદ નિહાળીએ. (સાડી નૃત્ય વિગેરે...)

કે - જન્મથી જ... પ્રકૃષ્ટ પુણ્ય ના સ્વામી, પ્રભુ આદિનાથ, રાજમહેલના વૈભવમાં અપ્સરાઓ, અને, રાજ-પરિવાર ના, અતિ-લાડકોડમાં ઉછરતાં, અને માત્ર કલ્પવૃક્ષ ના અતિ અદ્‌ભૂત ફળોનો આસ્વાદ કરતાં, વિભુ નું, યૌવન વય, પ્રાપ્ત થતાં, અવસર... ઉચિત જાણી, ઇંદ્ર મહારાજા, દેવો દ્વારા મંગાવેલ જલ થી, રાજ્યાભિષેક કરી, રત્ન-જડિત સુવર્ણ ના અલંકારો પહેરાવે છે. અને... આ અવની ના, પ્રથમ રાજા, ઋષભ થી, સિંહાસન પણ શોભી રહ્યું. પ્રભુ

ના અભિષેક માટે, જલ લેવા ગયેલ, યુગલિકો મુંઝાઈ ગયા. હવે શું કરવું ?

પડદો ઉઠે છે

**પ્રથમ વ્યક્તિ-** અરે વાહ! કેવા સુંદર શોભી રહ્યા છે, રત્નજડિત વસ્ત્રો માં, ને... સુવર્ણ ના તાજ માં, આપણા ઋષભ મહારાજ!

**બીજો -** તો..શું, દેવો અને ઇંદ્રોએ, ઋષભદેવ નો, રાજ્યાભિષેક કરી લીધો છે? શું કરશું હવે? (૩) જો.. એમના મસ્તકે અભિષેક કરશું, તો..? તો-તો, ઋષભ ની બધી શોભા બગડી જશે.

**તૃતીય -** ના...ના, એવું તો નથી કરવું... ચાલો... આપણે, પ્રભુ ના, જમણા અંગૂઠે જ અભિષેક કરી, રાજ્યાભિષેક નો, લ્હાવો લઈએ. (મ્યુઝીક-ગીત)

(૧) ઋષભ-મહારાજ કી જય (૨) જય જય - ઋષભ રાજા (૨) (૩) અમારા, ઋષભ-રાજા નો, જય થાવો - વિજય થાવો (૨)

**કે -** આમ - આ, અવસર્પીણીના, પ્રથમ રાજા 'ઋષભ' થયા. વિનય તો... વેરી ને પણ, વશ કરે. કહેવાય ને, 'ઝૂકે તે જામે, ને... અક્કડ ઉખડી જાય.' ઇંદ્ર મહારાજાએ, યુગલિકોનો આવો સરસ વિનય જોઈ, ખૂશ થઈ નગરી તું નામ, 'વિનિતા' પાડ્યું. ત્યાર બાદ... કર્મ ના પ્રવાહ ના વહેણમાં વહેતા, ઇંદ્રમહારાજાએ, ઋષભરાજા ના વિવાહ સુનંદા એ સુમંગલા સાથે કર્યા. બાદ પ્રભુ ને, પરિવારમાં, ભરતચક્રી અને બાહુબલી અને બાહુબલી જેવા પરાક્રમી સો પુત્રો અને બ્રાહ્મી સુંદરી, બે પુત્રીઓથી પરિવાર શોભી રહ્યો. ત્યાર બાદ... એટલે કે (૮૩) ત્યાંશી લાખ પૂર્વ આયુષ્ય પુર્ણ થયા બાદ, પ્રભુ નો દીક્ષા અવસર જાણી, નવ લોકાંતિક દેવો, પ્રભુ ને, વિનંતિ કરી રહ્યા (નવ



લોકાંતિકદેવોનું આગમન) જય જય નંદા... જય જય ભદ્દો- બોલતાં (૨) આવે.

**દેવ - ૧** હે પ્રભું! આ કાળ માં, લોકોની સર્વ પ્રકારની વ્યવસ્થા જેમ, આપે, પ્રવર્તાવી, તેમ..આપ ધર્મ-તીર્થ ને પણ પ્રવર્તાવો...

**દેવ - ૨** હે નાથ! લોકો ને, સંસાર-સાગર તરવા, શાસન રૂપ, નાવડું તરત મૂકો.

**દેવ - ૩** હે સ્વામી! જિનશાસન ની સ્થાપના કરો.

**દેવ - ૪** હે પ્રભુ! આપ સંયમ સ્વીકારી, આ સંસાર ને, નિષ્પાપ જીવન નો રાહ બતાવો.

**કે -** પ્રભુ ઋષભદેવે, પોતાનો દીક્ષા સમય જાણી, એક વર્ષ સુધી, જગતના જીવોને, દાન દઈને, ૪૦૦૦ રાજકુમારો સાથે, દીક્ષા લઈ, પ્રભુ વિહરવા લાગ્યા. પરંતુ... દીક્ષા પૂર્વે, રાજ્ય-વહેંચણી સમયે, ત્યાં...ગેરહાજર રહેલ, પરમાત્માના પૌત્ર, નમિ-વિનમિ રાજકુમારો, પ્રભુ ને રાજ્ય દેવા માટે વિનંતિ કરવા આવ્યા છે... રાજ્ય-ત્યાગી ને નીકળેલ પરમાત્મા પાસે..., નિહાળીશું...કંઈક નવું - અવનવું...

(પરમાત્માની તસ્વીર પાસે, બે રાજકુમાર, આજુ-બાજુ ઉભા રહી, આદિ પ્રભુને ભાવપૂર્વક પ્રણામ કરી રહ્યા છે.)

**નમિ -** દાદા! દાદા ઋષભદેવ! દાદા!, આપે બધાને રાજ્ય આપ્યું, ત્યારે... આ નમિ-વિનમિ ની યાદ, આપને ન આવી ?

**વિનમિ -** દાદા! આપે ભરત વગેરે ને, રાજ્ય આપ્યું, ને.. અમને કેમ કાંઈ ન આપ્યું ? કંઈ નહીં...પણ, હવે તો... અમને કંઈક તો આપો જ.

**નમિ -** હાં દાદા! ભલે ભૂલી ગયા, તમે - ત્યારે અમને, પણ...

હવે તો અમને રાજ્ય આપો. (નમિ-વિનમિ બંને, સાથે કહે છે) દાદા! અમને પણ, રાજ્ય આપો (૨)

નમિ - (વિનમિ તરફ જોઈને... નિરાશ થઈને) વિનમિ! એ નથી સમઝાતું કે... આપણને, હંમેશા.. પ્યાર થી પુકારતા, આપણા પ્યારા આદિનાથ દાદા, આજે... કેમ આપણી સામું પણ, જોતાં નથી?... ને..., કેમ... કંઈ બોલતા પણ નથી?

વિનમિ - દાદા! એવો તે, અમારો શું ગુનો છે? કે... રાજ્ય આપવાનું તો, દૂર રહ્યું, પણ પરંતુ, આપ... અમને જવાબ પણ, નથી આપતા?

નમિ - (વિનમિ તરફ જોઈને)... વિનમિ! દાદા આપણને જૂએ, કે... ન જૂએ.. દાદા, આપણી સાથે, બોલે...કે, ન બોલે, પણ... આપણે તો, દાદા પાસે જ રહેશું, ને...દાદા ની સેવા કરીશું.

વિનમિ - જો જે ને, નમિ... જરૂર, દાદા, એક દિવસ આપણ ને રાજ્ય આપશે જ.

નમિ - હાસ્તો વિનમિ... જે કરે સેવા...! એને મળે મેવા!, ખરૂ ને વિનમિ!... (બંને પ્રભુ પાસે બેઠા છે.. પુષ્પ વિગેરે થી, પૂજા કરે છે.)

કે - અને... એક દિવસ, નમિ-વિનમિ ની, ભાવભરી ભક્તિ જોઈ, પરમાત્મા ના દર્શને આવેલ, ધરણેન્દ્ર દેવે, ખૂશ થઈ, એમને...ગૌરી-પ્રજ્ઞપ્તિ વિગેરે, ૪૮૦૦૦ વિદ્યાઓ, અને... ૧૧૦ નગરોની, ભેટ ધરી. જોયું ને... પુણ્યશાળી! પરમાત્માની ભક્તિ, કયારે'ય નિષ્ફળ જતી નથી હવે નિહાળીશું... ઈતિહાસ ની એક અમર ને... અતિ યાદગીર ઘટના ને... કર્મ ના મર્મ ને!

આપણા પ્રભુ આદિનાથે, સંયમ સ્વીકાર કર્યા પૂર્વે... જીવન જીવવાની, સર્વ કળાઓ, પ્રજાને, શીખાવી હતી. પરંતુ... આ સમયે, ઋષભદેવ તો..., આ પૃથ્વીના - તે સમય'ના, પ્રથમ મુનિ-ભગવંત હતા. અને... એટલે જ તો... સંયમ જીવન ની, રીતિથી, અન્જાન, વિનીતા-નગરી ના લોકો, તો... ગોચરીએ પધારેલ, પ્રભુ-ઋષભ ને, પોતાના વ્હાલા વ્હાલા રાજવી, ઋષભ જ સમઝીને... ખૂશ થઈને.. વિભુ ને, વિનંતિ કરી રહ્યા છે.

૧ ઓ પ્યારા પ્યારા, ઋષભ રાજવી! આ મીઠાં, રસભર્યા ફળો, આપ લ્યો ને...

૨ રાજાજી! આ અમારા, મૂલ્યવાન વસ્ત્રો સ્વીકારી ને...

૩ અમારા વ્હાલા ઋષભરાજા! આ હિરા-મોતી ના થાળ, તો.. આપના માટે જ ભર્યા છે.

૪ પ્રભુ!...પ્રભુ!... આમજ, કંઈ જ લીધા વિના પાછા કેમ જાવ છો! પ્રભુ! કાંઈ નહીં તો... આ મારી, સુંદર અપ્સરા જેવી, લાડલી નો, તો - સ્વીકાર કરશો ને! (ચારે જણાં નિરાશ થઈ, વાતો કરે છે...)

એક - અરે... આવુ કેમ? આપણે તો, નેહ ધરીને, નજરાણું બધું'ય ધરીએ છીએ. પરંતુ... આ ઋષભ રાજા, કેમ કંઈ જ લેતા નથી?

બીજો - અરે ભાઈ, મને તો, એ પણ નથી સમઝાતું કે.. આપણાથી શું, ભૂલ થઈ છે?

ત્રીજો - હાં ને દોસ્ત! કાંઈ લેતા પણ નથી... ને વળી, આપણી સાથે, બોલતાં પણ કેમ નથી.

ચોથો - હાં મિત્ર... જે રાજાજી, હંમેશા.. આપણી સાથે, હસતા ને બોલતા હતા, એ આપણ પ્યારા પ્યારા ઋષભ - રાજા, શા માટે, આપણી સામું જોતાં પણ નથી? કંઈ જ સમઝ નથી પડી રહી, આપણને તો..પ્રભુને... શું કરવું? ને... શું

કહેવું ? ચાલો... આપણે આ નો મારગ ગોતીએ.

ચારે જણા - હાં ચાલો... ચાલો... જલ્દી ચાલો.. (ચારે જણ જતાં રહે છે.)

કે - ઓહ... આ કરમ નો, કેવો અલબેલો કોયડો, હતો, કે... અયોધ્યાના વાસી ને, પોતા એક વખત ના, રાજા ને, ભોજન ની જરૂર છે, એવી તો, કોઈને, કલ્પના પણ, આવતી નથી. આ સંસારમાં.. શું કારણ વિના જ કોઈ કાર્ય બને છે ? ના... કદાપિ નહીં, કારણ તો, હોય જ છે. આ ભવ નું, કે... પરભવ નું. આપ ભવ માં ભમતા ભમતા, પ્રભુ આદિનાથે ના આતમા ની, અજાણતાં જ, થયો પૂર્વ-ભવ ની, ભૂલ ની આપણે જાણ કરીએ. અને... આપણે, કર્મ-બંધ થી અટકીએ.

ખેડૂત - (બબડતો બબડતો - બોલતો (૨) આવે છે - સ્ટેજ પર)

શું કરવું આ બળદ ને, કંઈ જ સમજ નથી પડતી. જો.. હળ ચલાવું, તો... આ બળદ, મારા તૈયાર થયેલા, ધાન ને ખાઈ જાય છે. અને... ન ચલાવું હળ, તો... કામ જ શી રીતે થાય ? હું તો હેરાન હેરાન થઈ ગયો છું આ બળદો થી.. (તે સમયે ખેડૂતે કંઈ પૂછ્યું નહીં તો'ય, ત્યાંથી પસાર થતાં આદિનાથ ના આતમા જે રાજા છે, તે કહે છે):

રાજા - અરે કિસાન! એમાં આટલી નાની શી વાત માં... આ..ટ..લી.. બધી ફિકર કરવા શું જરૂર છે? બાંધી દે ને, બળદ ના મ્હોં પર શીકું. જેથી આ બળદ, તારા ધાન ને, ન ખાઈ શકશે.

ખેડૂત - જી હજૂર... રાજાજી... આપ, ઘણું (૨) જીવો (૨)

(એમ કહીને, ખેડૂત તો, ત્યાંથી.. ખૂશ થઈ ને, જતો રહે છે. પરંતુ...રાજા...પડદા થી જતાં જતાં... પાછા વળે છે.)

રાજા - અરે...અરે, મેં આ શું કર્યુ ? મેં આ કેવી ભયંકર ભૂલ કરી..., પેલા ખેડૂત ને..., મેં... વણમાંગી, મફત ની, સલાહ તો..



આપી દીધી. અને... શીકું બાંધવાનું પણ, કહી દીધું. પરંતુ... મેં એને, તૂં કામ પત્યા પછી, મ્હોં પર થી શીકુ છોડી દેજે, એવું તો, કીધું જ નહિ. હે ભગવાન!, કદાચ...કદાચ... જો.. એણે, ના છોડ્યું હશે, શીકું, તો..તો, બિચારા બળદો તો, ભૂખ્યા અને તરસ્યા જ રહ્યા હશે ને! લાવ... જલ્દી થી જાઉં, અને જોઉં... (જલ્દી જલ્દી ત્યાંથી જાય છે.)

કે - બસ..., આ મફતમાં દીધેલ શિખામણ ની સજા રૂપે, કર્મસત્તાએ... તીર્થંકર ના આતમા ને પણ, ન છોડ્યા અને... બળદ ને થયેલ, આહાર-પાણી ના, માત્ર... ૧૪ ઘડી ના અંતરાય રૂપે, પ્રભુ ને...૧૪-૧૪ મહિના સુધી, ભૂખ્યા અને તરસ્યા રહેવું પડ્યું. પુણ્યશાળીઓ! એજ આદિપ્રભુની યાદ માં... આપણા શ્રી સંભવનાથ દરબાર માં... પરમાત્મા ની, અપરંપાર કૃપા, અને.. ગુરૂદેવ ની પ્રેરણા અને શુભાશિષ થી... બાલાપૂર શ્રી સંઘ માં.. થયેલ સમુહ વરસીતપ ની, અતિ ઉલ્લાસપૂર્ણ પૂર્ણાહુતિ પ્રસંગે... આપણા વિદર્ભ માં... વરસીતપ નો.. અકોલા નો ડંકો વાગી રહ્યો છે.

અને... હવે તો.. દેવ-ગુરૂ ની કૃપા થી... તપસ્વીઓની તપ ની સફળતા એટલે જ... આ ઉત્સવ - આ મહોત્સવ... શેનો ?... પારણા પ્રસંગ નો. પરંતુ...પ્રથમ નિહાળીશું.. પ્રભુ આદિ ના પારણાને... ઋષભદેવની અમર-કહાની ને, ઇંટ્રેસ્ટીંગ સ્ટોરી ને... કહો તો... પારણામાં પ્રથમ શું આઈટમ જોઈશે ?... ઓહ... જૂઓ જૂઓ...

(ત્યાંજ શેરડી ના રસ ભરેલા, ઘડા લઈને, થોડા માણસો બોલતાં બોલતાં આવે છે)

૧ શ્રેયાંસકુમાર નો, જય હો... વિજય હો...(૩)

(સિંહાસન પર બેસેલ, શ્રેયાંસકુમાર ને કહે છે)

૨ મહારાજ... મહારાજ... અમારા આ તાજા જ, શેરડી ના રસનો સ્વીકાર કરો (૨) યુવરાજ... અમારૂં આ ભેટણું સ્વીકારો.

૩ ખૂબ ખૂબ મીઠો ને વળી તાજો જ રમ છે, કુમાર! આપ એનો સ્વીકાર કરો. કુમાર... આ રસ ના ઘડા સ્વીકારો.

(પગ પાસે... ઘડા મૂકીને, પગે પડીને જાય છે... ત્યાં જ દ્વારપાળનું આગમન થાય)

દ્વારપાળ - શ્રેયાંસકુમાર... આનંદો - આનંદો.. શ્રેયાંસકુમાર! આજે આપણા હસ્તીનાપૂર માં, સોનાનો સૂરજ ઉગ્યો છે. કુમાર! દાદા આદિનાથ, આજે અહીં પધાર્યા છે. પરમાત્માના પુનિત પગલે, આપણી આ ભૂમિ પણ, પાવન થઈ રહી છે. ને... આપણા હસ્તીનાપૂર ની, સમગ્ર પ્રજા પણ, હર્ષવિભોર બની ગઈ છે, વિભુ ના દર્શને...(વિભુ)

(પરમાત્માના તસ્વીર તરફ... દોટ મૂકીને...)

શ્રેયાંસકુમાર- ઓહ! દાદા! આપ પધાર્યા... અહોભાગ્ય... અહોભાગ્ય અમારૂં, ધન્ય ઘડી, ધન્ય દિન અમારો, દાદા! આજે... આપના પરમ પાવન દર્શન, અમારા, રોમ-રોમ... હર્ષ-પુલકિત બની ગયા છે. પધારો - (૨) દાદા...(૨) (શ્રેયાંસકુમાર... દાદા સામે જ કરે છે (૨), થોડો સમય જોતાં જોતાં જ વિચારમાં...) અરે... અરે, આવો વેષ તો, મેં પહેલા ક્યાંક જોયો છે, આવો વેશ તો, મે.. ક્યાંક જોયો છે. ક્યાંક મેં આવો વેશ જોયો છે...(વિચારમાં જ ઉભા છે)

કે - અને... આમ વિચારતાં વિચારતાં, અતીત નાં દ્વાર ઉઘડતા ગયા (૨) ને.. શ્રેયાંસકુમાર ને, વિચારતાં વિચારતાં. જાતિ-સ્મરણ જ્ઞાન થતાં જ, મન-મયૂર નાચી ઉઠ્યો ને... પ્રત્યક્ષ નીરખી રહ્યા, એ શ્રેયાંસ-મહારાજા, મુનિ-જીવન ની, નીતી-રીતી અને.. પોતાના નવ-નવ ભવ ના, સ્નેહ-સંબંધ



ને..., અને, કહેવા લાગ્યા..

શ્રેયાંસકુમાર- (આશ્ચર્ય થી) ઓહ.. આવો વેશ, અને આવું મુનિજીવન, તો... મેં જ પૂર્વ જન્મોમાં સ્વીકાર્યો હતો. અરે... એટલું જ નહીં, પરંતુ, સામે ઉભેલા આદિ પ્રભુ સાથે, તો મારે, ... સ્વયંપ્રભાદેવી... શ્રીમતી રાણી.. સારથી... દેવ... યુગલિક ના, નવ નવ ભવ ની પ્રીત છે... સ્નેહ છે... સાથ છે... સંગાથ છે.

એજ, મારા પ્યારા પ્યારા આદિનાથ ને, આજે હું શું દઉં? ને.... શું ન દઉં... દાદા (આજુબાજુ નજર કરતાં, રસના ઘડા તરફ જોઈને)

ઓ પ્રભુ! મારા પ્યારા પ્રભુ!... આ નિર્દોષ શેરડી નો રસ, આપ સ્વીકારો!! પ્રભુ પ્રભુ... અમારી અજ્ઞાનતા ને કારણે, થયેલ, ૪૦૦-૪૦૦ ઉપવાસનું આપ પારણું કરી, અમને ધન્ય બનાવો... પ્રભુ! આપ પારણું કરો. (૨)

કે - અને... ધન્ય દિન... ધન્ય ઘડી..., આદિ પ્રભુએ નિર્દોષ આહાર જાણી, બે હાથ આગળ ધર્યા, અને, શ્રેયાંસકુમાર રસ ના ઘડા રેડતાં જ રહ્યા (૨)... (એક પછી એક ઘડો, તસ્વીર પાસે બતાવી, પાછળ ખસેડવા) અને.. ૧૦૮ ઘડા થતાં જ, એવું દ્રશ્ય બતાવવું - આકાશમાંથી પંચ-દીવ્ય પ્રકટ થતાં જ, (૧) પુષ્પ...(૨) વસ્ત્ર...(૩) સુગંધી જલ (૪) સોનૈયા ની વૃષ્ટિ થઈ...(૫) અહો-દાનં (૨) ની ઘોષણા થઈ... આકાશ-અને અવની દેવદુંદુભી (ખંજરી-ડંકો વિગેરે) મ્યુઝિક વિ.થી ના નાદ થી ગાજી રહી. )

અને અંતમાં હવે નિહાળીશું... આદિ-પ્રભુ ના ૧૩ ભવ ની કહાની, માં, અમર પાત્ર માતા અને પુત્ર ને.

આ સંસારના, સર્વ સ્નેહનો ત્યાગ કરી, ઋષભદેવ તો.., વન-વગડાની વાટે, વિહરી રહ્યા છે, ને... દુનિયાને ભૂલી ને, પોતાની સાધનામાં, લીન બની ગયા છે. પરંતુ... પોતાના પ્રિય-પુત્ર ઋષભની દીક્ષા બાદ, વરસો

વરસોના વ્હાણા વીતી ગયા, તો'ય, ન તો, પ્યારા પુત્ર ના દર્શન મળ્યો, કે ન તો કંઈ સમાચાર મળતાં... નિહાળીશું, માતા ની, મનોદશાને... અંતર વ્યથા ને, ને માતૃ વાત્સલ્યને !! મૈયાની જોડી - ઓર ન કોઈ કાંઈ અમસ્થુ જ તો નથી કહેવાયું... (ચિંતામગ્ન ચહેરે ફરતાં ફરતાં..)

મરૂદેવા - ઋષભ...(૩) ક્યાં હશે, મારો ઋષભ ? અરે ઓ વનદેવતા ! મારા લાડલા ઋષભના, તમે તો કંઈ સમાચાર દો. આ રૂડા.. રાજ-મહેલ ના વૈભવ, ને, ત્યાગી એ તો વીતરાગી બનવા, વન માં... મને છોડીને જતો' તો રહ્યો, પણ... એ કેમ કંઈ, સમાચાર પણ, નથી મોકલતો ? ભલે.. એને, રાજ્યની ચિંતા નથી, પણ... પણ શું એને, પોતાની માઁ ની યાદ પણ નથી આવતી ? ઋષભ... ઋષભ... તૂં ક્યાં છે બેટા ? બેટા... આ વન-વગડાની વાટે, તેં શું ખાધું હશે ?... શું પીધું હશે ? વરસોના વરસો વીતી ગયા, તો'ય તારા કંઈ જ સમાચાર નથી. બેટા ! તૂં... સુખમાં તો છે ને ?!, એ તો મને કહે. બેટા... ઋષભ... ઋષભ... (નિરાશ થઈ ધીમા અવાજે કહી રહ્યા છે - ત્યાં જ...) હું કેવી અભાગી 'મા' છું, કે... મારા બેટાના સમાચાર પણ મને નથી મળતાં...

ભરતરાજા - દાદીમા ! પ્રણામ કરૂં છું, આપ કુશળ તો છો ને ? (મરૂદેવા મ્હોં ફેરવી દે છે) દાદીમા... (૨) દાદીમા ! કેમ આમ કરો છો ? દાદીમા ! શું મારી કોઈ ભૂલ થઈ છે ?...દાદીમા ! તો આ ભરત ની ભૂલ બતાવો... એને આપ ચાહે તે સજા દો, પણ...પણ, દાદીમા ! આવી રીતે નારાજ તો, ન જ થાવ., દાદીમા !

મરૂદેવા - બેટા ભરત ! શું... તૂં મને ભૂલ પૂછે છે ? બેટા !... મારી આંખના તારા ને... મારા હૈયાના હાર ને..., તારા પિતા ને, સાવ જ ભૂલી જવાની ભૂલ, શું તને યાદ નથી આવતી ? બેટા ભરત ! શૂં... તું તારા મોજ-શોખ માં, એટલો બધો મસ્ત થઈ ગયો છે ? ધિક્કાર છે, તારા જેવા પુત્ર ને..., જેને... પોતાના પિતાની પણ, ફિકર નથી તેને... દુઃખી અવસ્થામાં રાખીને, રાજ્યના મઝાના સુખો ભોગવતાં.. શું...તને, શરમ પણ નથી આવતી ? બેટા... મારા વ્હાલા પુત્ર ના એના સુખ ના.. એના દુઃખ ના, કંઈક તો સમાચાર આપ.

ગીત - આદિ જિણંદ (૨) બતાવો, ભરતરાય,
મરૂદેવા માતા પૂછે, ક્યાં છે મારો લાલ (૨),
આદિ જિણંદ...

મહેલમાં શોધ્યું, ક્યાં'યે જડે ના,
નગરમાં શોધ્યું... તો'ય મળે ના...
કોઈ લાવો (૨) એના સમાચાર.. મરૂદેવ

કડ...કડ... કકડતી ઠંડી પડે છે,
ત્યાં નહીં ઓઢવાને, 'સુજની' મળે છે.
આવી ઠંડી...(૨) કેમ સહેસે બાળ... મરૂદેવા

ગરમી ના તાપે, જગ બળે છે,
ખુલ્લા પગે ત્યાં, વિહાર કરે છે,
કોણ લે છે ? કોણ લે છે, ઋષભની સંભાળ..મરૂદેવા..

તૂં તો... મહેલમાં મોજ માણે...
મારો ઋષભ, વન-વગડાની વાટે,
કાંટા વાગે... કંકર વાગે, કોણ, લે એની ભાળ ?
મરૂદેવા માતા પૂછે.. ક્યાં છે મારો લાલ..(૨)..
આદિજિણંદ...બતાવો...

ભરતચક્રી - દાદીમા...(૨) તમે આટલી બધી ફિકર ન કરો... નારાજ ન થાવ, દાદીમા ! હું હમણાં જ, સેવકો ને... વન-વનમાં મોકલું છું, હમણાં જ મોકલુ છું - દાદીમા !

મરૂદેવ - હા બેટા...

કે - આમ... રોજ ને રોજ, દાદીમાઁ નો, ઠપકો સાંભળવા છતાં...

ને, છ ખંડ ના રાજવી, હોવા છતાં પણ.. ભરત ચક્રવર્તીની, કેવી નમ્રતા.. કેવી યોગ્યતા... પ્રભુ આદિનાથ નું પવિત્ર ચારિત્ર ને... ભરતચક્રી ની પાત્રતા નિહાળી... આપણે પણ, આજથી નક્કી કરીયે આપણા ઉપકારિ માતા-પિતા ને, દરરોજ પ્રણામ કરશું, ને એમના આશિષ લઈશું. પુણ્યશાળિઓ... જગમાં... ને, કવિની કાવ્ય પંક્તિમાં, સાચું જ કહેવાયું છે ને...

''માઁ તે માઁ... બીજા વગડાના વા..., જનની ની જોડ જગે નહીં જડે રે લોલ. પુત્ર ના વિયોગના વિરહમાં, રોઈ રોઈ ને, આંખની જ્યોતિ પર, અંધારા ના પડલ છવાઈ ગયા, છતાં'ય..., પુત્ર ના સમાચાર નથી મળતા, પરંતુ.. પરંતુ, એક એવો સુવર્ણ દિવસ આવ્યો, જ્યારે..., પણ.... અરે...અરે, આ... ભરતચક્રી દોડતાં દોડતાં દાદીમા પાસે આવી રહ્યા છે. કંઈ બહુ ખુશ માં દેખાય છે ને... શુ સમાચાર છે?

ભરતચક્રી - દાદીમાઁ... દાદીમાઁ... ક્યાં છો દાદીમા ? દાદીમાઁ, શું તમને એક ખૂશી ના સમાચાર આપું?

મરૂદેવ - (મન વિના જ) શું છે?

ભરતચક્રી - એક ખૂબ જ, ખૂશી ના સમાચાર છે દાદીમાઁ.... ?

મરૂદેવ - ના... નથી સાંભળવા મારે, તારી દુનિયાની ખૂશી ના સમાચાર, હાં... મારા ઋષભ ના, કંઈ સમાચાર હોય તો, બોલ...

ભરતચક્રી - દાદીમાઁ... તમે મને રોજ રોજ કહેતા હતા ને!, ક્યાં છે મારો ઋષભ? કેવો છે મારો ઋષભ? દાદીમા...! ચાલો... તરત ઉભા થઈ જાઓ, ને.. ચાલો, મારી સાથે. હું તમને ઋષભ બતાવું..(અતિ હર્ષથી મરૂદેવા..)



મરૂદેવા - બેટા!... શું તું આ સાચું કહે છે.. મારો ઋષભ! ક્યાં છે? ક્યાં છે મારો ઋષભ? શું મારો ઋષભ નગરીમાં આવ્યો છે?... બેટા...બેટા... એ કુશલ તો છે ને!

ભરતચક્રી - દાદીમાઁ... (૨) શું કહો છો, એ કુશલ તો છે ને? દાદીમાઁ... શું વાત કરૂં, તમારા ઋષભની! એમને કેવલજ્ઞાન થયું છે.

મરૂદેવ - (એકદમ ખૂશીથી) શું કહે છે? મારા બેટા ઋષભ ને, કેવળજ્ઞાન થયું છે? આ સાંભળી, મારા આનંદ નો... મારી ખૂશીનો કોઈ પાર નથી, મારા રોમ રોમ હર્ષ પુલકિત બની ગયા છે. બેટા... જલ્દી ચાલ... મારે મારા ઋષભને, મન-ભરીને જોવો છે, બેટા... મારે મારા ઋષભને મળવું છે, ચાલ જલ્દી ચાલ...બેટા!...

ભરતચક્રી - હા દાદીમાઁ...ચાલો.

મરૂદેવ - બેટા ભરત! આટલા બધા વર્ષ પછી, 'મારો ઋષભ પણ, માઁ ને જોઈને, કેટલો ખૂશ ખૂશ થઈ જશે, નહીં?... જો જે ને... એ તો, આજે મને, માઁ... માઁ કહેતાં, એ થાકશે જ નહીં, અમે માઁ-દીકરા, જે, એટલી બધી વાતો કરીશું (૨)...ને! પણ.. જો જેને ભરત... પહેલાં તો, હું તારા પિતાને, ઠપકો જ આપીશ અને, પૂછીશ, કે... આટલા બધા વરસ સુધી, શું... એને, માઁ ની યાદ ન આવી? કે.. કોઈ દિવસ, ન તો.. મળવા આવ્યો કે.. ન કોઈ સમાચાર મોકલ્યા.

ભરતચક્રી - હા દાદીમાઁ, ચોક્કસ, જરૂરથી, તમને જે કહેવું હોય, તે...કહેજો. પણ... અત્યારે તો જલ્દી જઈશું ને!

મરૂદેવ - હા બેટા... ચાલ જલ્દી ચાલ.

ભરતચક્રી - દાદીમા... આપના માટે, હાથી તૈયાર જ છે. દાદીમા... આપ આ અંબાડીમાં બેસી જાઓ. (રસ્તામાં જતાં જતાં..)

મરૂદેવ - બેટા.. મારો ઋષભ આજે, કેટલા બધા સમય પછી, મને...'માઁ!' કહીને બોલાવશે ભરત... તને ખબર છે, આજે કેટકેટલા વરસોથી, હું મારા ઋષભ ના મુખે થી, 'માઁ' શબ્દ સાંભળવા, તલસી રહી છું. બેટા ભરત! તને સાચું કહું?... આજે... જ્યારે, એ મને માઁ કહીને, બોલાવશે, ને... ત્યારે.. ત્યારે, મને... કેટલી ખૂશી, કેટલો આનંદ થશે! હું પણ, એને... એટલા પ્યાર થી કહીશ ને.. બેટા!.. મારા બેટા! (સમવસરણ નજદીક આવતાં)

અરે ભરત! પણ અહીં આટલો સુંદર, દેવ-દુંદુભી નો નાદ,... આ જય... જ્ય નો સાદ અને...અને, આટલા બધા, વિમાનો નો અવાજ..., આ બધું હું શું સાંભળી રહી છું?!

ભરતચક્રી - દાદીમા! આ બધો ઠાઠ-માઠ, ને આ બધો આડંબર, તો.., તમારા પ્યારા ઋષભ નો જ છે. દાદીમા! (૨), જૂઓ તો ખરા... તમારો લાડલો, ઋષભ, કોઈ-વન-વગડાનો જોગી નથી, પરંતુ... સોના-રૂપા ને, રત્ન ના, સમવસરણ માં બેસેલ, ત્રિલોકી નાથ છે! દાદીમા! તમારા ઋષભ ની, શોભા તો જૂઓ!!

એમના મસ્તક પર, આ ત્રણ છત્ર, કેવા સરસ શોભી રહ્યા છે. અરે.... પેલા, દેવોના પણ રાજા, ઇંદ્ર મહારાજા તો.. એમને ચામર વીંઝી રહ્યા છે, ને... આ દેવો એ, કરેલ..., પુષ્પ-વૃષ્ટિ ની સુવાસ તો જૂઓ! દાદીમા! તમારો લાડલો ઋષભ તો.. ત્રણ લોક ના થા, દેવાધિદેવ બની ગયા છે!

મરૂદેવ - હેં.... (આશ્ચર્ય થી) શું કહ્યું? મારા ઋષભ ની સેવા, દેવો ને ઇંદ્રો પણ.... કરી રહ્યા છે! વાહ...વાહ... કેવો નશીબદાર છે, મારો લાડલો ઋષભ... આ દુનિયાનો, પહેલો રાજા મારો ઋષભ જ હતો, પહેલો સાધુ પણ... એ જ હતો ને... આજે... આજે પહેલો તીર્થંકર બની ગયો, મારો ઋષભ? બેટા... કેટલી ખૂશીની આ વાત છે.



ભરતચક્રી - દાદીમાઁ... તમે નકામી જ ઋષભની ચિંતા કરી ને!...

મરૂદેવ - હાં ને બેટા... મને તો થતું 'તું, મારો ઋષભ બિચારો, કેટલો દુખી દુ:ખી હશે!! પરંતુ... એના, સુખ ના સમાચાર સાંભળી... આજે મારા અંતરમાં આનંદ સમાતો નથી.. બેટા... એ જ ખુશી... આજે અશ્રૂ રૂપે વહી રહી છે. જો જે ને ભરત... એ હમણાં જ મને જોઈને બોલાવશે, ને કહેશે માઁ!! (ઋષભ તરફ મરૂદેવા, જોતાં જ રહે છે.) આંસુ સારતાં જ રહે છે.

કે - આંશુ... પાસું પલ્ટી શકે છે. પરંતુ... તે, મગર ના નહીં, જીગર ના જોઈએ. અને... એટલે જ, મરૂદેવા ના હર્ષાશ્રૂએ, હજાર હજાર વર્ષ થી, પુત્રના વિરહમાં.. સારેલા આંશૂએ, આવી ગયેલ, આંખ ના પડલ ને, ધોઈ નાંખ્યા... એટલે, શાક્ષાત્... પુત્ર ની અલૌકિક અનૂપમ શોભા ને જોઈ જોતાં જ રહ્યા, જોતાં જ રહ્યા.. ને... ખૂશી થી કહેવા લાગ્યા...

મરૂદેવ - ભરત... ભરત બેટા! બેટા! આ શું ચમત્કાર થયો, કે... આ, સોનાનું સમવસરણ... આ મારો ઋષભ..., આ બધું જ (૨) મને હવે પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે.

ભરતચક્રી - દાદીમાઁ... જોયુ ને.., સારી દુનિયાથી વિશેષ, તમારા ઋષભ ની શું શોભા છે!! પેલા, સો સો સૂર્ય ને પણ, શરમાવે, એવું એમનું તેજ... આભામંડળ... આ અશોકવૃક્ષ... સૌ કેવા સરસ લાગી રહ્યા છે. જોયું ને!

મરૂદેવ - હાં બેટા! શું મારા ઋષભ નું રૂપ છે!! શું મારા ઋષભ ની શોભા છે! અરે... એની ઠકુરાઈ પણ કેવી... કે, દેવો અને ઇંદ્રો પણ.., એના ચરણોમાં ઝૂકી રહ્યા છે!! બેટા! મને થાય છે કે.. મારા ઋષભ ને, બસ... જોયા જ કરૂં... જોયા જ કરૂં. (થોડો સમય જોતાં જ રહે છે, પછી...)

કે - મરૂદેવા માતા, તો... પુત્ર ને જોઈ, હર્ષ-ઘેલા થઈ ગયા. એને, જોતાં જ રહ્યા, જોતાં જ રહ્યા. પરંતુ... સામે જ

માઁ, હોવા છતાં પણ... જ્યારે, પુત્ર ઋષભે એમને માઁ કહીને, ન જ બોલાવ્યા, જાણે કે... કંઈ ખ્યાલ જ નથી, માઁ આવ્યા છે એનો... પરંતુ... પોતાના પ્રિય બેટાનું આવું વર્તન જોઈ, મરૂદેવા માતા, આશ્ચર્ય થી કહેવા લાગ્યા..

મરૂદેવ - બેટા ભરત! આ કેવો મારો ઋષભ..! આટલા બધા વર્ષ પછી, માઁ મળી, તો'ય... સમજ નથી પડતી, કે.., એ આવું કેમ કરે છે? ભરત! હું તો.. ઋષભ... ઋષભ કહેતાં થાકતી પણ નથી, અરે... એને જોઈ ને જ હું તો આજે આટલી ઘેલી ઘેલી, થઈ ગઈ છું. બેટા! અરે, એના વિરહમાં પણ, કેવી પાગલ - કેટલી લાગણી હતી કે.. મારો ઋષભ... શું ખાતો હશે?... શું પીતો હશે... એ કુશળ તો હશે ને? તેની ચિંતા કરીને, રોઈ રોઈને, આ આઁખો ના, તેજ પણ ખોઈ નાંખ્યા તા - ને આજે.. હું એના 'માઁ' શબ્દ સાંભળવા, ક્યારથી તલસી રહી છું, પણ... શું એને એના વૈભવ એની સત્તાનું, આટલું બધું અભિમાન આવી ગયુ છે. કે... એની માઁ ને, બોલાવતો નથી, પણ... એને મારી સામે જોવાની પરવા પણ નથી!!

(આટલું બોલીને, ફરી પાછા કંઈક વિચારમાં બેસી રહે છે, અને પછી કહે છે...)

મ્યુઝીક

મરૂદેવા માતા (પશ્ચાત્તાપ કરતાં કરતાં)

નહીં નહીં નહીં..., હું આ શું વિચારી રહી છું?... કે, મારો ઋષભ સ્વાર્થી છે.... મારા ઋષભ ને, એના વૈભવ નું અભિમાન છે, એટલે એ મારી સામે, જોતો પણ નથી, પણ... ના... ના, હું આ કેવું વિચારી રહી છું...

મારો બેટો ઋષભ તો, સંયમ લીધું ત્યારથી જ, એ તો... વૈરાગી જ હતો. એનો રાગ, તો... મને સતાવતો હતો. હર પલ, હું જ એની યાદ કરતી હતી, અમારા સ્વજનો નો



ન જ બોલાવ્યા, જાણે કે... કંઈ ખ્યાલ જ નથી, માઁ આવ્યા છે એનો... પરંતુ... પોતાના પ્રિય બેટાનું આવું વર્તન જોઈ, મરૂદેવા માતા, આશ્ચર્ય થી કહેવા લાગ્યા..

મરૂદેવ - બેટા ભરત! આ કેવો મારો ઋષભ..! આટલા બધા વર્ષ પછી, માઁ મળી, તો'ય... સમજ નથી પડતી, કે.., એ આવું કેમ કરે છે? ભરત! હું તો.. ઋષભ... ઋષભ કહેતાં થાકતી પણ નથી, અરે... એને જોઈ ને જ હું તો આજે આટલી ઘેલી ઘેલી, થઈ ગઈ છું. બેટા! અરે, એના વિરહમાં પણ, કેવી પાગલ - કેટલી લાગણી હતી કે.. મારો ઋષભ... શું ખાતો હશે?... શું પીતો હશે... એ કુશળ તો હશે ને? તેની ચિંતા કરીને, રોઈ રોઈને, આ આઁખો ના, તેજ પણ ખોઈ નાંખ્યા તા - ને આજે.. હું એના 'માઁ' શબ્દ સાંભળવા, ક્યારથી તલસી રહી છું, પણ... શું એને એના વૈભવ એની સત્તાનું, આટલું બધું અભિમાન આવી ગયુ છે. કે... એની માઁ ને, બોલાવતો નથી, પણ... એને મારી સામે જોવાની પરવા પણ નથી!!

(આટલું બોલીને, ફરી પાછા કંઈક વિચારમાં બેસી રહે છે, અને પછી કહે છે...)

મ્યુઝીક

મરૂદેવા માતા (પશ્ચાત્તાપ કરતાં કરતાં)

નહીં નહીં નહીં..., હું આ શું વિચારી રહી છું?... કે, મારો ઋષભ સ્વાર્થી છે.... મારા ઋષભ ને, એના વૈભવ નું અભિમાન છે, એટલે એ મારી સામે, જોતો પણ નથી, પણ... ના... ના, હું આ કેવું વિચારી રહી છું...

મારો બેટો ઋષભ તો, સંયમ લીધું ત્યારથી જ, એ તો... વૈરાગી જ હતો. એનો રાગ, તો... મને સતાવતો હતો. હર પલ, હું જ એની યાદ કરતી હતી, અમારા સ્વજનો નો

સ્નેહ, એ વીતરાગી શું સંભારે...

અરે... આમ પણ, આ સંસારમાં, આખિર કોણ કોનું છે? ધન્ય છે એ, રાગ વિનાના વીતરાગી ને!...ને, ધિક્કાર છે મારા આતમા ને... મારા રાગ ને... મારા અતિ મોહ ને.. જે પ્રભુ! આપને ન સમઝી શકી, ન ઓળખી શકી, ધિક્કાર છે, મારા આ અજ્ઞાની આતમા ને... જે, નિર્મોહી નાથ ને, ન ઓળખી શકી.. પ્રભુ! મેં આપ માટે કેવું કેવું વિચાર્યુ... આપને કેવો ઠપકો આપ્યો. પ્રભુ... પ્રભુ મને, ક્ષમા કરો.. હે દેવાધિદેવ... હે દીનાનાથ... હે કરૂણાસાગર પ્રભુ! મને માફ કરો...(૨) પ્રભુ મને માફ કરો...

(બસ... ત્યાં જ બેસી રહેવું... આંખ મીંચીને... ત્યાંજ... દેવદુંદુભીનો અવાજ...)

કે - મરૂદેવા માતા ને, કેવલજ્ઞાન થયું છે.. (૨-૩ મિનીટ મ્યુઝીક... પછી.) મરૂદેવા - માતા મોક્ષે સિધાવ્યા છે. કેવલજ્ઞાની મરૂદેવા માત કી જય (૨) કેવલજ્ઞાની ની જય.

ધન્ય ધન્ય...માતા... ધન્ય (૨) પુત્ર...
ધન્ય માતા જે... પ્રથમ મોક્ષે ગયા ને...
ધન્ય ધન્ય પુત્ર...જેમણે પોતાને મળેલ અંમૂલ્ય
કેવલજ્ઞાન ની ભેટ, સૌ પ્રથમ માતા નેં ધરી.
ધન્ય માતા... ધન્ય પુત્ર... જય જય શ્રી આદિનાથ..(૪)

ધૂન

આ આદિનાથ દાદા મારા પોતાના....
મારા પોતાના નહીં બીજાના... (૨)
તરણ તારણ, પરમાત્માની કથા માં...ક્યાંય...
અવિનય - આશાતના થયા હશે. મિચ્છામિ દુક્કડમ્

શ્રી આદિનાથ ભગવાન કી જય...!! (૩)



# કોમેન્ટ્રી - સ્નાત્ર મહોત્સવ

સિંહાસન સે ઉઠકર (બહોત ગુસ્સે મેં બોલના) (અટ્ટહાસ્ય કરના)

ઇન્દ્ર - આ હા...હા... આ હા હા. કૌન હૈ યે કાલી ચૌદસ કા જાયા? કિસકી માઁ ને સેવાશેર શુંઠ ખાઈ હૈ, કિસને સોયે હુએ સિંહ કો જગાને કી હિમ્મત કી હૈ... કિસકો અપની મૌત બુલા રહી હૈ? મૈં કૌન હૂઁ વો બેચારા ક્યા જાને? મૈં ૩૨ લાખ વિમાન કા સ્વામી સૌધર્મેન્દ્ર, બેચારા મેરી તાકાત કો ક્યા જાને? ક્યા જાને વહ મેરે વજ્ર કી તાકાત કો....

બિચારા દેખ કે હી... પાની પાની હો જાયેગા... આ હા હા.. કૌન હૈ વો? (૨) જરા સામને તો આઓ.. કૌન હૈ વો..

ઇંદ્રાણી - અરે... મગર આપ ઇતના ગુસ્સા ક્યોં કરતે હો? આપ હી અવધિજ્ઞાન કા ઉપયોગ કરકે દેખ લો ના।

ઇંદ્ર - (કપાલ પે અંગુલી રખકે સોચતે હૈ ઔર એકદમ શાંત હો જાતે હૈ)

અરે અરે યે તો ચંપાનગરી મેં ૧૨ વે તીર્થંકર વાસુપૂજ્ય કા જન્મ હુઆ હૈ - પ્રભુ! પ્રભુ! મુઝે માફ કર દો - પ્રભુ મુઝે માફ કર દો - હે કૃપાલુ પરમાત્મા! આપકી કૃપા સે તો હમે ભી મુક્તિ મિલાની હૈ...પ્રભુ!

નમુત્થુણં બોલના (ઔર વાપિસ સિંહાસન પર બૈઠ જાના)

માતા-પિતા

(ધીમા પગલે મહારાજા પાસે જાય છે માતાજી)

રાની - મહારાજા નો જય હો... વિજય હો (૨)

મહારાજા - (ઉભા થઈને) અરે મહારાનીજી આપ યહાઁ...?

રાની - હાં સ્વામી... આપકી ઇજાજત હો તો બૈઠુ?

મહારાજા - હાં હાં... મહારાનીજી ઇસમેં ઇજાજત કી ક્યા બાત હૈ? -

મગર મહારાનીજી! આપ આજ બહોત હી ખુશ ખુશ નજર આ રહે હો. ક્યા બાત હૈ? મુઝે નહીં બતાઓગી?

રાની - હાં સ્વામી! જરૂર જરૂર - ક્યોં નહીં? ઇસલિએ તો મૈં યહાઁ આઈ હૂઁ. હે નાથ! આજ મૈં ઇતની ખુશ હૂઁ ઇતની ખુશ હૂઁ..

મહારાજા - મહારાનીજી! જલ્દી કહો, જલ્દી કહો - ઇંતજાર કી ક્ષણ ઔર હી જ્યાદા લગતી હૈ - મહારાનીજી...

રાની - સ્વામી! મૈં આજ રાત, જબ અર્ધ નીંદ મેં સોઈ હુઈ થી - અર્ધ જાગ્રત ભી થી તબ મુઝે...

મહારાજા - તબ ક્યા હુઆ મહારાનીજી... ઇતની ખુશી કી ક્યા બાત હૈ?

રાની - સ્વામી, મૈંને એક નહીં - દો નહીં, ચાર નહીં, કિન્તુ ચૌદ ચૌદ સ્વપન દેખે હૈ. વો સ્વપન આકાશ સે ઉતરકર મેરે મુઁહ મેં પ્રવેશ કર રહે થે।

મહારાજા - મહારાનીજી! સ્વપન મેં તુમને ક્યા ક્યા દેખા થા?

રાની - મહારાજ! મૈંને પહલે ગજવર દીઠો...(આવડે તો ચૌદ સ્વપન સુધી બોલવું)

સ્વપન મેં મૈંને હાથી, વૃષભ, સિંહ, સુંદર લક્ષ્મી વિગેરે બહોત હી સુંદર ચૌદ સ્વપન દેખે થે. વહ સ્વપન ઇતને તેજસ્વી ઔર સુંદર થે કિ અબ કી વહ સ્વપ્ન કોં યાદ કરકે મેરે રોમ રોમ મેં ફૂલ ખીલ રહે હૈ - મેરે મન મેં અધિક હી આનંદ હો રહા હૈ -

મહારાજ! ઇન સુંદર સ્વપનોં કા ફલ ક્યા હોગા?

મહારાજા - વાહ વાહ મહારાનીજી! તુમ્હારે સ્વપન કી બાત આજ મેરે ખુશી કો ઔર હી બઢા રહી હૈ - મહારાનીજી - ઐસે ઉત્તમ સ્વપન સે તુમકો એક બહોત હી તેજસ્વી, પરાક્રમી રૂપવાન ઐસે શ્રેષ્ઠ પુત્રરત્ન કી પ્રાપ્તિ હોગી.

રાનીજી - મહારાજ! આપકે ભવિષ્ય કથન મૈં ખુશી સે સ્વીકાર કરતી હૂઁ -



મહારાજ - મહારાનીજી! ઐસે સર્વશ્રેષ્ઠ સ્વપનોં કે ફલ કી અધિક જાનકારી હેતુ મૈં અભી હી રાજજ્યોતિજી કો બુલાવા ભેજતા હૂઁ...

રાની - જી મહારાજ... આપકા જય હો.. આપકા વિજય હો.. (બોલતે બોલતે બૈઠ જાના)

જોષીજી - શુભં ભવતુ... કલ્યાણં ભવતુ... શતાયુ ભવતુ... દીર્ઘાયુ ભવતુ... ચિરંજીવ પ્રજાવત્સલ (થોડા લડખડાના) ક્યા કરે.. ઉમર હો ગઈ હૈ ના... બૂઢા હો ગયા હૂં...

રાજાજી - પધારો પધારો જોષીજી મહારાજ... પધારિયે પધારિયે, (બૈઠને કો કહના) આસનં અલંકીયતામ્ યે આસન ગ્રહણ કીજીયેગા જોષીજી મહારાજ (જ્યોતિષજી બૈઠતે હૈ) કુશલ તો હો ન?

જોષી - હાં બેટા... કહો મહારાજ... આજ આપને મુઝે કૈસે યાદ કીયા? કોઈ ખાસ બાત હૈ?

રાજાજી - હાં જોષી મહારાજ... એક બહોત હી અચ્છે સમાચાર હૈ..

જોષી - કહિયે મહારાજ (૨)

રાજા - જોષી મહારાજ... આજ રાત મહારાણી જયાદેવી ને બહોત હી સુંદર, એક દો હી નહીં... કિંતુ ચૌદ ચૌદ સુપન દેખે હૈ... જૈસે હાથી - વૃષભ - સિંહ - લક્ષ્મી... પદ્મસરોવર (આદિ દેખે હૈ) જોષીમહારાજ, કૃપા કરકે હમે ઇસ સપને કા ફલ બતાઓ.

જોષીજી - (ટીપણામાં જોવું - મીન મકર ને કુંભ, બીલાડા પાડે બૂમ) .... વાહ વાહ...

અહોભાગ્ય અહોભાગ્ય ધન્યવાદ ધન્યવાદ મહારાજ - યે તો બહોત ખુશી કી બાત હૈ, (ટીપણા મેં ગણન) દેખો મહારાજ! - હમારે સ્વપન શાસ્ત્ર મેં ૭૨ પ્રકાર કે સ્વપન આતે હૈ, ઉસમે, ૪૨ સ્વપન અધિક માને જાતે હૈ, ઉસમેં ભી હાથી વૃષભ ઐસે તેજસ્વી ૧૪ સ્વપન સર્વશ્રેષ્ઠ માને

જાતે હૈ.

મહારાજ - સચમુચ...

જોષીજી - હાં મહારાજ (૨) (બુધ મેં શનિ... રવિ મેં રાહુ. ચંદ્ર મેં સુરજ...) ઇસ સારે સંસાર મેં સિર્ફ તિર્થંકર કી માતા કો હી વહ સ્વપન દર્શન હોતે હૈ... હમારા સ્વપન ફલ કથન હૈ કિ.. આપકો ધર્મચક્રી, ત્રણ લોક કે નાથ, તેજસ્વી, દુનિયા કે તારણહાર સુરનર સબ કો પૂજનીય બહોત હી યશસ્વી એસે...પુત્રરત્ન કી પ્રાપ્તિ હોગી, દુનિયા જિસે બારહવે તીર્થંકર વાસુપૂજ્ય નામ સે પુકારેગી..

મહારાજ - જોષી મહારાજ! યહ સુનકર હમારા મન હર્ષ પુલકિત હો ગયા હૈ -

જોષીજી - મહારાજ યે તો હમારે ભી બડે સદ્‌ભાગ્ય કી બાત હૈ - ક્યોંકિ એસે ચૌદ સુપન કા કથન કહને કા અહોભાગ્ય તો... મેરે દાદા કે દાદા કે પિતાજી કે પિતાજી ને ભી નહીં પાયા હોગા... મૈં ભી બહોત ખુશ હૂઁ મહારાજ... ઔર મહારાજ, એક બડી મહત્વ કી બાત હૈ કિ યે વાસુપૂજ્ય સારે વિશ્વ કા - ચંપાપુરી કા ઔર સારે નગર કી ઋધ્ધિ વૃધ્ધિ બઢાયેગા.

મહારાજ - જોષીજી મહારાજ, ઇસ ખુશી કે સમાચાર સુન આપકો હમ ૫૦૦ સોનમહોર ઔર અકોલ સેલુ મંગરૂળપીર એસે ૫ ગાંવ બક્ષિસ દેતે હૈ (થાલ હાથ મેં દેનાં) હાં... ઔર યે થાલ ભી સ્વીકાર કરના (પ્રજા તરફ દેખ કે)

જોષીજી - આનંદ આનંદ હો ખુશી હો મહારાજ આપકો જય હો... જય હો વિજય હો... શુભં ભવતુ... કલ્યાણં ભવતુ...

(ઓડીયન્સ તરફ દેખ કે)

અરે, આપ કિસી કો ભવિષ્ય જાનના હૈ ક્યા ? તો... ભૂલના મત... મહેતા પેટ્રોલ પંપ મેં આ જા... સુના... મહેતા... ભૂલના મત, દક્ષિણા લે કે આના... શુભં ભવતુ...(૩)



# વિશેષ ગીત

## પૈસા રી પુજારી

યે દુનિયા પૈસા રી પુજારી...
પુજા કરતી નર ઔર નારી,
જગમેં નામ કમાવે ભારી... યે માયા પૈસો રી...(૨)

પૈસા બિન માતા મુખ મોડે,
પિતા દેખ કરમ ને ફોડે,
ઘરમેં ઝગડો ઘણો હોવે, હે.. માયા પૈસો રી.. (૩)

પૈસો માય બાપ ને પ્યારો,
નહીંતર બેટો લાગે ખારો;
ઇણ ને કર દે ઘર સુ ન્યારો હે... માયા પૈસો રી...(૪)

પૈસો કચેરી ચઢવાવે,
ભાઈ-ભાઈ ને મરવાવે,
માતા ઉપર હાથ ઉઠાવે... હે... માયા પૈસો રી...(૫)

પૈસો પાસ મેં પત્ની રાજી,
નહીંતર તાનો દેવે ભારી;
કેવે પિહર મેં સુખ ભારી.... હે... માયા પૈસો રી...(૬)

પૈસો પરદેશ લે જાવે,
નહીંતર ભુખા હી સો જાવે,
અરે ઉનને કોઇ નહીં બતલાયે... હે... માયા પૈસો રી...(૭)

પૈસો છપ્પન ભોગ બનાવે,
નહીં તો ગલીયોં મેં ગોતા ખાવે,
ઉનને પાગલ કહી બતલાવે... હે... માયા પૈસો રી...(૮)